# ઈમામે વક્ત (અ.સ.) અને સચ્યદ ઈબ્ને તાઉસ (રહ.)

ઇમામ (અ.સ.)ની નઝરે એક મોઅમીનનું માન અન મર્તબો એટલો બધો છે જેટલો આપણી નઝરમાં ઇમામ (અ.સ.)નું માન અને મર્તબો છે.

(મિક્યાલુલ મકારીમ, ભાગ - ૨, પાના નં. ૪૦૦)

માણસની હકીકત તેની લતીફ રૂહને ગણવામાં આવી છે. જેને અલ્લાહ તઆલાએ પાક અને પવિત્ર બનાવી છે અને દરેક પ્રકારની ગંદકીથી દૂર રાખી છે. આ રૂહને એવી રીતે પેદા કરવામાં આવી છે કે એક તરફ તેમાં હિદાયત અને તરબિયતની ક્ષમતા હોવાની સાથે સાથે રૂહાની ખુબીઓ પ્રાપ્ત કરવાની શક્તિ પણ જોવા મળે છે. જ્યારે બીજી બાજુ ગુનાહોમાં રચ્યા પચ્યા રહેવાના કારણે પડતીની ખીણમાં પડી જવાનો ભય પણ જોવા મળે છે.

જો આ રૂહ નફસની પાકીઝગી, કુરઆનની તાલિમ, અહલેબયત (અ.સ.)ના ફરમાનોના માર્ગદર્શન હેઠળ પોતાની જાતને આગળ વધારે તો દુનિયા અને આખરેતની ખુશનસીબી અને સૌથી મોટી સફળતા એટલે કે પરવરદિગારે આલમની ખુશ્નુદી મેળવી શકે છે. પરંતુ જો રૂહ આ બાબતોથી દૂર રહે તો તે ગફલત અને અંધકારની જેલમાં કૈદ થઇ જશે. આ માટીના પુતળામાં રૂહની હાજરીને જ તેનું જીવન કહેવામાં આવે છે.

તેથી આ નાશવંત જગતમાં બન્ને પ્રકારના જીવનના નમૂના જોવા મળે છે. જો એક તરફ વાસના ભુખ્યા અને દુનિયાની મોહબ્બત ધરાવનારા બની ઉમૈયા અને તેને અનુસરનારા અબુ જહલ, અમ્રે આસ, હજ્જાજ બિન યુસુફ, યઝીદ મલઉન અને તેઓના ઇશારાઓ ઉપર ચાલનાર બુરા આલિમો જેવા લોકોનું સૌથી હલ્કુ જીવન જોવા મળે છે. તો બીજી તરફ બની હાશિમનું ખાનદાન અને તેઓને અનુસરનાર જનાબ અબ્દુલ મુત્તલિબ (અ.સ.), જનાબ અબુ તાલિબ (અ.સ.), જનાબ સલમાન (અ.ર.) અને જનાબ અબુઝર (અ.ર.), જનાબ મીસમ (અ.ર.) અને જનાબ કોમયલ (અ.ર.) અને તેમનો માર્ગ દેખાડનારા ઓલમાએ રબ્બાની પણ જોવા મળે છે. અહિં વાંચકો માટે એ જ ઓલમાએ રબ્બાનીમાંથી માત્ર એક સાર્થક નમૂનાનું જીવન રજુ કરવા ચાહિએ છીએ. જેમણે નફસની પાકીઝગી, કુરઆનની તાલીમ અને અહલેબયત (અ.સ.)ના જ્ઞાન સ્ત્રોતો થકી એવું પાક અને પવિત્ર જીવન વિતાવ્યું અને પોતાના ઝમાનાના ઇમામ (અ.સ.) સાથે મોહબ્બતનું એ ઉદાહરણ રજુ કર્યું કે ઇમામ (અ.સ.)એ પણ તેમને પોતાના ફરઝન્દ કહીને સંબોધન કર્યું. આ પવિત્ર હસ્તીનું નામ રઝીયુદ્દીન અલી સય્યદ ઇબ્ને તાઉસ (રહ.) છે.

## સય્યદ ઇબ્ને તાઉસ (રહ.)નું ખાનદાન

સય્યદ ઇબ્ન તાઉસ (રહ.)ને પોતાના હસબ અને નસબ ઉપર ગર્વ હતો. પોતાના ખાનદાનના સિલસિલાને ગર્વથી લખ્યો છે અને સાચું પણ છે. એટલા માટે કે આપની વંશાવળી તેમના પિતા તરફથી તેરમી પેઢીએ હઝરત હસને મુજતબા (અ.સ.)ની સાથે મળે છે અને માતાની તરફથી હઝરત ઇમામ હુસૈન (અ.સ.) સુધી પહોંચે છે. તેથી કેટલાક આલીમોએ આપને 'ઝુલ હસનૈન'ના લકબથી યાદ કર્યા છે. સય્યદ બિન તાઉસ (રહ.) ફરમાવે છે :

પરવરદિગારે આલમે અમારા બાપ દાદાઓને ઇઝ્ઝત, શરાફત, ઇલ્મ તથા ફઝલ ધરાવનારા અને લોકોને માટે વિશ્વાસપાત્ર બનાવ્યા છે. લોકો તેઓના વખાણ કરતા હતા, જાણતા હતા અને આજે પણ તેઓની મહાનતા અને બુઝુર્ગીને સ્વિકારે છે. દરેક ખાનદાન ચાહે છે કે તે અમારા ખાનદાનમાંથી હોય જ્યારે હું એ તમન્ના નથી કરતો કે હું બીજા કોઇ ખાનદાનમાંથી હોઉં.

(અલ ઈસ્તફા, રવઝાતુલ જન્નાત, ભાગ - ૨, પાના નં. ૨૭૦)

## સય્યદ ઇબ્ને તાઉસ (રહ.) અને તેમનો રૂહાની દરજ્જો :

જ્યારે માનવીની રૂહ અને દિલ અજ્ઞાનતાના પરદામાંથી બહાર નિકળીને આંતરિક પાકીઝગી અને પરવરદિગારની ઉબુદીયત (બંદગી)ના માર્ગે જાય છે ત્યારે અલ્લાહના અનવારને પોતાની અંદર સમાવી લેવાની ક્ષમતા પેદા કરી લે છે અને નુરે હક ઇબાદત ગુઝાર બંદાઓના દિલો ઉપર છવાઇ જાય છે. સય્યદ ઇબ્ને તાઉસ (રહ.)એ પોતાના અંતરને પાક કરીને પોતાને અંધકારના પરદાઓમાંથી બહાર કાઢીને નુરાની માર્ગો ઉપરથી પસાર થઇને પવિત્ર જીવનના એ તબક્કા ઉપર પહોંચાડી દીધી હતી જ્યાં પોતાના ઇમામે વક્ત હઝરત વલીએ અસ્ર અરવાહોના ફીદા સાથે રૂહાની સંપર્ક સ્થાપિત કરી લીધો હતો. તેથી આલિમોએ આપના વિષે લખ્યું છે કે આપ અસંખ્ય કરામતો ધરાવતા હતા.

સય્યદ બિન તાઉસ (રહ.) ખુદ પોતાના માટે કહે છેઃ ''હવે હું મારા પુસ્તકને પુરૂં કરૂં છું.જે ઇલાહી ભેદો અને રહસ્યોથી ભરેલ દોઆઓનો સંગ્રહ છે. જેને અલ્લાહ તબારક વ તઆલાએ અમૂક પરિસ્થિતિઓમાં મારા પર ઇલ્હામ કર્યું હતું.''

(મહજ્જુદ્ દઅવાત, પાના નં. ૪૦૦ અને ૪૧૩)

કિતાબ 'રવઝાતુલ જન્નાત'ના લેખક લખે છે : સય્યદ બિન તાઉસ (રહ.)ની જીભ ઉપરથી જે દોઆઓ અને ઝિયારતો સાદર થઇ છે તે અહલેબયત (અ.સ.)ની દોઆઓ સાથે ખૂબજ મળતી આવે છે. 'મીસ્બાહુલ્ ઝાએર' વિગેરેમાં સાલેહ બંદાઓ માટે વઝીફાઓ અને અમલની રીતો આપવામાં આવી છે. જેમ કે મસ્જીદે કુફા વિગેરે માટે આમાલ લખવામાં આવ્યા છે જેની મિસાલ આપણા આલિમોની દોઆની કોઇપણ કિતાબમાં જોવા નથી મળતી. આ માટે તેઓ પોતાને અધિકૃત અને હક તરફ સમજતા હતા.

(રવઝાતુલ જન્નાત, ભાગ - ૫, પાના નં. ૧૩૮)

બીજી એક જગ્યાએ ખુદ સય્યદ બિન તાઉસ (રહ.) ફરમાવે છે :

પરવરદિગારે આલમે જે નેઅમતોને જાહેર કરવાનો અને આદર કરવાનો હુકમ આપ્યો છે તે એ કે તેણે મારા દિલમાં મઅરેફત એવી રીતે ઉતારી છે કે ભૂલ, શંકા અને ગુમરાહીનો અવકાશ પણ નથી રહેતો. જે મારી જાતને ઇમાનના નુર અને ખુલ્લી આંખોથી જોશે તો તે મારી વાત અને મારા અમલમાં એક સુત્રતાનો અનુભવ કરશે. મને જોઇને દરેક પૂરાવા અને દલીલથી બે પરવા થઇ જશે.

(કશ્ફુલ મોહજ્જહ, પાના નં. ૧૭)

## ઇમામે વક્ત (અ.સ.) સાથે રૂહાની સંપર્ક :

ગયબતના સમયમાં ઇમામે ઝમાના (અ.સ.) સાથે સંપર્ક કેળવવો તે ઇન્સાનની અને ખાસ કરીને મોમીનની સૌથી વધુ મહત્ત્વની ફરજ છે. જ્યારે ઇમામ (અ.સ.)ની મઅરેફત પ્રાપ્ત થઇ જાય છે ત્યારે આપની સાથેનો એક નાજુક સંબંધ સ્થાપિત થઇ જાય છે. દિલ તેની ક્ષમતા પ્રમાણે ઇમામ (અ.સ.)ના ગુણો અને ચારિત્ર્યનું પ્રતિબિંબ બની જાય છે.

ખુદાવન્દે આલમ ફરમાવે છે :

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا اصْبِرُوْا وَ صَابِرُوْا وَ
رَابِطُوْا، وَاتَّقُوْاللهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ۔

*''હે ઇમાનલાવનારાઓ! સબ્ર કરો અને એક બીજાને સબ્ર કરવાની ભલામણ કરો અને રાબેતો કાએમ કરો અને અલ્લાહનો તકવા ઇખ્તેયાર કરો. કદાચને તમે સફળતા પામો.''*

(સુરએ આલે ઇમરાન : ૨૦૦)

એહલેબયત (અ.સ.) તરફથી ઘણી બધી તફસીરોમાં આ આયતે કરીમાની તફસીર આ પ્રમાણે કરવામાં આવી છે.

*''અય ઇમાનવાળાઓ! પોતાના ઝમાનાના ઇમામ (અ.સ.)ની ગયબતના ઝમાનામાં સબ્ર કરો અને અડગ રહો, દુશ્મનોના મુકાબલામાં સાબિત કદમ રહો અને જેમના ઝુહુરનો ઇન્તેઝાર કરી રહ્યા છો તેમની સાથે રાબેતો કાએમ કરો. અલ્લાહ તઆલાના એહકામો અને હુકમોની પૈરવી કરો. તેમાંજ તમારી સફળતા છે.''*

(તફસીરે બુરહાન)

અમૂક લોકો એમ માને છે કે આપણે ગયબતે કુબરામાં જીવન પસાર કરી રહ્યા છીએ તેથી આપણા માટે ઇમામ

(અ.સ.) સુધી પહોંચવું, રાબેતો કાએમ કરવો અશક્ય છે. ઈમામ (અ.સ.) સુધી પહોંચવાનો કોઇ માર્ગ નથી. આ વાત કેટલી હદે સાચી છે તેની સ્પષ્ટતા જરૂરી છે. રીવાયતમાં આવ્યું છે કે ગયબતે કુબરાના ઝમાનામાં જે કોઇ એવો દાવો કરે કે તે આં હઝરત (અ.સ.)ને જ્યારે ચાહે ત્યારે મળી શકે છે તો તેવો દાવો કરનાર જુઠ્ઠો છે. તેની સાથે એ પણ જોવા મળે છે કે ઈમામ (અ.સ.)ની સાથે મુલાકાતનું સન્માન પ્રાપ્ત કરનાર અસંખ્ય રૂહાની અને પવિત્ર હસ્તીઓ છે. જરા ઉંડો વિચાર કરવાથી આ બાબત સ્પષ્ટ થઇ જાય છે. કારણકે આ સન્માન તો આં હઝરત (અ.સ.)ની મોહબ્બત અને ઈનાયતના લીધે મળે છે. બીજુ એ કે સંપર્કનો અર્થ આવવું જવું અને મુલાકાત જ નથી પરંતુ રૂહાની અને દીલના સંપર્કને પણ સંપર્ક કહેવામાં આવે છે. આ જ સંપર્ક એવો છે જે હકીકતમાં માણસની સંપૂર્ણતા દર્શાવે છે. આ સંપર્ક દરેક મોમીન સાધી શકે છે જેના થકી મોઅમીન મઅરેફત અને કમાલના તે દરજ્જા પર પહોંચી જાય છે કે હર પળે પોતે ઈમામે અસ્ર (અ.સ.)ની હાજરીનો અનુભવ કરે છે અને આપ (અ.સ.)ના માન અને મરતબાને જાળવી રાખે છે. જેમ કે સય્યદ બિન તાઉસ (રહ.)એ જુમ્આની દોઆમાં લખ્યું છે:

اَللّٰهُمَّ اِنِّىْ اَتَقَرَّبُ اِلَيْكَ بِقَلْبٍ خَاضِعٍ وَ
اِلٰى وَلِيِّكَ بِبَدَنٍ خَاشِعٍ وَ اِلَى الْاَئِمَّةِ
الرَّاشِدِيْنَ بِفُؤَادٍ مُتَوَاضِعٍ

*“પરવરદિગાર! હું તારી પાસે વિનમ્ર દિલથી (તારી સામે મારી જાતને હલ્કી ગણું છું.) તારી નજદિકી મેળવવા ચાહુ છું અને તારા વલી (ઈમામે ઝમાના અ.સ.)ની સામે મારા જુકેલા બદનની સાથે નજીક થાઉં છું (એટલે મારૂં શરીર ઈમામે ઝમાના (અ.સ.)ના હુકમ મુજબ અનુસરનાર અને તાબેદાર છે અને તે રીતે મારા અંગ ઉપાંગોનો ઉપયોગ કરૂ છું કે મારા ઈમામ મારાથી રાજી થઈ જાય) અને મારા પવિત્ર ઈમામો (અ.સ.)થી વિનમ્ર દિલ સાથ નજીક થાવ છું (એટલે કે હું મારી રૂહને તેમને હવાલે કરૂં છું) અને તેઓનો તાબેદાર ઠરાવું છું.”*

(જમાલુલ ઉસ્બુઅ, પાના નં. ૧૫૨)

સય્યદ બિન તાઉસ (અ.ર.)એ ઝમાનાના ઈમામ (અ.સ.) સાથે સંપર્ક સાધવાની રીત દર્શાવી છે અને જણાવ્યું છે કે ઈમામ (અ.સ.) પાસેથી પોતાના સવાલનો જવાબ કેવી રીતે મેળવવો? પોતાના પુત્રને ફરમાવે છે : “જ્યારે તમને કોઇ ચીજની જરૂર પડે અને હઝરત બકીયતુલ્લાહ (અ.ત.ફ.શ.)ના સાથે તવસ્સુલ થકી તેનો ઉકેલ મેળવવા માંગતા હો તો યાદ રાખો તે રિવાયતને કે જે મોહમ્મદ બિન યઅકુબે કુલયની (રહ.)એ પોતાની કિતાબમાં વર્ણવી છે કે એક દિવસ એક માણસે હઝરત અબુલ હસન (અ.સ.)ની ખિદમતમાં અર્ઝ કરી કે એક માણસ ચાહે છે કે પોતાની હાજતો અને સવાલો પોતાના ઈમામે વક્ત (અ.સ.)ની ખિદમતમાં બયાન કરે જેવી રીતે ખુદાની બારગાહમાં રજુ કરે છે, તો તેણે શું કરવું જોઇએ? ઈમામ (અ.સ.)એ જવાબમાં લખ્યું:

*“જો કોઈ હાજત હોય તો ફક્ત તમારા હોઠોને હલાવો, તમને જવાબ મળી જશે.”*

ઈમામ (અ.સ.)નું આ વાક્ય સ્પષ્ટ કરવું જરૂરી છે. આપ (અ.સ.) એ ચાહે છે કે પોતાના ચાહનારાઓને જાણ કરે કે જો કોઇ જરૂરત ઉભી થાય તો તેને દોઆ, તવસ્સુલ, દિલથી વાતચીત કરીને રજુ કરે અને પોતાની માગણીને જાહેર કરે. ઈમામ (અ.સ.) દિલની છુપાએલી વાતોને જાણતા હોય છે પરંતુ તેઓ ચાહે છે કે તે પોતાની જીભથી પોતાની આજેઝીની કબુલાત કરે.

સય્યદ બિન તાઉસ (રહ.)ના ઈમામે વક્ત (અ.સ.)ની સાથેના સંપર્કની ખાસિયત અને ઈમામ (અ.સ.) સાથેની નજદિકીની હાલત એવી હતી કે આપ (અ.સ.)એ પોતાની ખાસ ઈનાયતો અને કૃપાદ્રષ્ટિથી તેમને ઘણા બધા ઈલ્મો અને ગૈબી હિકમતોથી માહિતગાર કરી દીધા હતા. તેઓ આં હઝરત (અ.સ.)ની ઉદારતાના મહાન ઝરણામાંથી તૃપ્ત થતા રહેતા એટલે સુધી કે ઈમામે અસ્ર (અ.સ.)ના ઝુહુરના સમયના બારામાં મઅરેફતના કમાલ તરફ ધ્યાન દોરતા પોતાના પુત્રને સંબોધીને કહે છે:

يَمْحُوا اللّٰهُ مَا يَشَآءُ وَ يُثْبِتُ، وَ عِنْدَهٗٓ اُمُّ الْكِتٰبِ۔

*“અલ્લાહ (લવ્હે મહફૂઝમાંથી) જે ચાહે છે તે ભુંસી*

*નાખે છે અને જે ચાહે છે તે સ્થાપિત કરી દે છે, અને ઉમ્મુલ કિતાબ તેનીજ પાસે છે.''*

(સુરએ રઅદ : ૩૯)

જો ઉપરોક્ત આયએ કરીમા નહોત તો હું તમને ખાત્રીપૂર્વક જાણ કરત કે તે કઇ કલાક અને કયો દિવસ હશે કે જ્યારે હઝરત હુજ્જત ઇબ્નિલ હસન (અ.સ.) જાહેર થશે.

(કશફુલ હુજ્જહ, પાના નં. ૧૯૮)

## સય્યદ બિન તાઉસ (રહ.) અને ઇમામ (અ.સ.)ના માટે દોઆ :

સય્યદ બિન તાઉસ (રહ.) પરવરદિગારે આલમની બારગાહમાં દોઆ કરવા અને મઅસુમો (અ.સ.) સાથે રાઝો નિયાઝ કરવાને ઘણું મહત્ત્વ આપતા હતા. અહિં અવકાશ નથી નહીંતર તો સય્યદ બિન તાઉસ (રહ.)ને દોઆઓના અરીસામાં જોવામાં આવે તો તે માટે એક સંપૂર્ણ પુસ્તક લખાય. તેમની સૌથી મહત્ત્વની કિતાબ 'જમાલુલ ઉસ્બુઅ'માં દોઆઓના આદાબના બારામાં સય્યદ બિન તાઉસ (રહ.) આ રીતે લખે છે.

દોઆઓના આદાબોમાંથી એક આદાબ એ છે કે પોતાની બધી દોઆઓ ઉપર હઝરત બકીયતુલ્લાહ ઇમામે ઝમાના (અ.સ.) માટેની દોઆને પ્રાથમિકતા આપે. આપ ફરમાવે છે :

મોઅમીન પોતાની હાજત રજુ કરતી વખતે સૌથી પહેલા આં હઝરત (અ.સ.)ની હાજતોને રજુ કરે તે પછીજ પોતાની હાજતોને માગે. તમારી નમાઝો, રોઝાઓ, દોઆઓ વિગેરે અખતરો કરવા માટે કે અજમાઇશ કરવા માટે બિલ્કુલ ન હોવા જોઇએ. કારણ કે કોઇ કામ અથવા અમલ વડે તેને અજમાવવામાં આવે છે જેના બારામાં બદગુમાની હોય અને જેના ઉપર ભરોસો ન હોય. તમારી નમાઝો અને દોઆઓ પહેલા ઇમામ (અ.સ.)ના માટે હોવી જોઇએ પછી પોતાના માટે કારણકે આ દુનિયા અને દુનિયાની બધી વસ્તુઓનું બાકી રહેવું આં હઝરત (અ.સ.)ના મુબારક અસ્તિત્વના કારણે છે. જ્યારે તમારૂં અસ્તિત્વ બીજી કોઇ વ્યક્તિના અસ્તિત્વને લીધે સુરક્ષિત છે તો પછી પોતાની જાતને આપ (અ.સ.) કરતા અગ્રતા આપવી તે ક્યાંનો ન્યાય ગણાશે? બલ્કે જરૂરી છે કે આપ (અ.સ.)ની ઇચ્છાઓને પોતાની ઇચ્છાઓ ઉપર, આપ (અ.સ.)ની હાજતોને પોતાની હાજતો ઉપર અગ્રતા આપો. અને આજ આપણી ઇબાદત અને ઇતાઅતનો તકાઝો પણ છે. નહીંતર તેઓ આપણી નમાઝો, રોઝા, દોઆઓ અને અમલના મોહતાજ નથી, તેઓ આ બધાથી બેનિયાઝ છે. આપણને પોતાને તેમની જરૂર છે. આનાથી આપણા કાર્યોની સુધારણા થશે, આપણને ખુશનસીબ જીવન પ્રાપ્ત થશે.

સય્યદ ઇબ્ને તાઉસ (રહ.)એ માહે રમઝાનના આમાલના બારામાં લખેલ કિતાબ 'મિઝમાર'માં સહેરીની દોઆઓ પછી ફરમાવે છેઃ

દરેક રાત્રે જરૂરી એ છે કે ઇન્સાન દરેક દોઆ અને અમલની શરૂઆતમાં અને અંતમાં એ પવિત્ર હસ્તીનો ઉલ્લેખ કરે જેમના બારામાં તે અકીદો ધરાવે છે કે તેઓ આ ધરતી ઉપર અલ્લાહની મખ્લુક દરમ્યાન અલ્લાહના વલી અને રહેમાનના ખલીફા છે. કારણકે દરરોજ તેને જે વસ્તુઓની જરૂરત છે તે તેમનીજ પાસે છે. અલ્લાહે બધા જ કામો તેમને હવાલે કર્યા છે.

(કિતાબે ઇ. ઝમાના (અ.સ.) વ સય્યદ ઇબ્ને તાઉસ, પા.નં. ૯૦-૯૧-૯૩)

સય્યદ બિન તાઉસ (ર.અ.)એ જે દોઆઓને ઇમામ (અ.સ.) સુધી પહોંચવાનું માધ્યમ દર્શાવી છે તે ઘણી છે, જેનો ઉલ્લેખ જુદી જુદી દોઆઓની કિતાબોમાં કરવામાં આવ્યો છે અને ઇમામ (અ.સ.) સાથેની મુલાકાતના વર્ણનો કર્યા છે. આલિમો કહે છે કે જો મુલાકાત કરનારનું નામ દર્શાવવામાં ન આવ્યું હોય તો તેનાથી મુરાદ સય્યદ બિન તાઉસ (રહ.) પોતે છે.

## હઝરત હુજ્જત (અ.સ.) અને દોઆ :

આં હઝરત (અ.સ.) પોતાના ચાહનારાઓ સાથે કેટલી મોહબ્બત કરે છે અને પોતાની દોઆઓમાં તેઓ માટે કેટલી કાળજી રાખે છે તેનો અંદાજ મરહુમ અલ્લામા મજલીસી (અ.ર.) અને અલ્લામા મોહદ્દીસ હુસૈન નુરી (અ.ર.)ના લખાણોથી ખૂબજ સારી રીતે આવી જાય છે.

અલ્લામા મજલીસી (અ.ર.) અને અલ્લામા નુરી

(અ.ર.) વર્ણવે છે કે સય્યદ બિન તાઉસ (રહ.) ફરમાવે છે:

એક દિવસ સહેર વખતે પવિત્ર સરદાબમાં ઇબાદત માટે ગયો તો મેં જોયું કે ઇમામે અસ્ર (અ.સ.) અરવાહોના ફીદાહો અલ્લાહની બારગાહમાં આ મુનાજાત કરી રહ્યા છે.

اَللّٰهُمَّ اِنَّ شِيُعَتَنَا خُلِقُوْا من شُعَاعِ اَنُوَارِنَا و

بَقِيَّةِ طِيُنَتِنَا وَ قَدُ فَعَلُوْا ذُنُوُبًا كَثِيُرَةً اِتِّكَالاً

عَلٰى حُبِّنَا وَ وَلَايَتِنَا ...... الخ

*''અય અલ્લાહ! અમારા શિયા અમારા નુરના કિરણો અને વધેલી તીનતમાંથી પેદા થયા છે. તેઓએ અમારી મોહબ્બત અને વિલાયત ઉપર ભરોસો કરીને ઘણા ગુનાહ કર્યા છે. જો તેઓના ગુનાહ તારી ઝાતથી સંબંધિત છે તો તુ તેઓને માફ કરી દે અમે ખુશ થઇશું અને જો તેઓના ગુનાહો તારા બંદાઓના હક્કોને લગતા છે તો તું તેમની સુધારણા કર. અને ખુમ્સનો જે ભાગ અમારો હક થાય છે તે તેઓને આપી દે જેથી તેઓ રાજી થઇ જાય. તેઓને જહન્નમની આગથી મુક્ત કર, તેઓને તારા અઝાબમાં અમારા દુશ્મનોની સાથે ન રાખજે.''*

(અનીસુલ આબેદીન વ નજમુસ્સાકિબ)

જો ઇમામ (અ.સ.)ના ઉપરોક્ત વાક્યો ઉપર વિચાર કરીએ અને આપણી જીંદગીનો હિસાબ લગાડીએ તો ઇમામે વક્ત (અ.સ.)થી કેટલી શરમ અનુભવીશું. જેમના અસ્તિત્વની બરકતથી આ દુનિયા બાકી છે, તે આપણા ગુનાહોની માફી માગે છે, જેઓ આલમે ઇમકાનના સ્તંભ હોય તે આપણી નાફરમાની માટે જહન્નમની આગથી છુટકારાનો સામાન મેળવે. શું આ જ ન્યાય છે કે જેમના આટલા બધા એહસાનો હોય તેમને આપણા દિલ અને દિમાગના કોઇ ખુણામાં ન વસાવીએ? પણ હોવું તો એમ જોઇએ કે આપણા દિલ અને દિમાગના ખુણે ખુણામાં આં હઝરત (અ.સ.)ની યાદ અને તેમના માટેની દોઆઓ સિવાય બીજું કશું જ ન હોય.

પરવરદિગાર! અય અલ્લાહ! અમને અમારા ઇમામ (અ.સ.) સાથે મોહબ્બત ભર્યા અંદાજ સાથે મોહબ્બત પેદા કરવાની તૌફીક આપ. આમીન!...

● ● ● ● ●

---

**(અનુસંધાન પાના નં. ૧૭ થી આગળ)**

*પછી ફરમાવ્યું :*

*''આમાથી અમૂક છે જે તે (ઇલ્મના) લાયક છે. અને જેમના માટે ઇલ્મ છે ઇલ્મ ઓછું થઇ જાય છે જ્યારે તેના હામીલ નથી મળી શકતા કે જેઓ તેની હિફાઝત કરે અને જેવી રીતે આલીમ પાસેથી સાંભળ્યું હતું તેવી જ રીતે અદા કરે.''*

*પછી ઘણા લાંબા ખુત્બા બાદ કહ્યું :*

*''અય અલ્લાહ! હું જાણું છું કે સમગ્ર ઇલ્મ ગાએબ નથી થયું અને ન તો તેના સ્ત્રોતો બંધ થયા છે. તું ક્યારેય પણ દુનિયાને મખલુક ઉપર તારી હુજ્જત વગર ખાલી નથી રાખતો. ચાહે પછી તે હુજ્જત એવી રીતે મૌજુદ અને જાહેર હોય કે તેની તાબેદારી કરવામાં આવતી હોય અથવા તે ભયના લીધે છુપાએલી હોય જેની ઇતાઅત કરવામાં ન આવતી હોય. તું આ એટલા માટે કરો છો કે તારી હુજ્જત બાતિલ ન થઇ જાય અને તારી હિદાયત મેળવ્યા બાદ ગુમરાહ ન થાય.''*

(કાફી, ભાગ - ૧, પાના નં. ૩૩૯, બેહાર, ભાગ - ૨૩, પાના નં. ૫૩)

(વધુ ઇન્શાઅલ્લાહ આવતા વરસે.)

---

**(અનુસંધાન પાના નં. ૧૩થી આગળ)**

તે પછીના પ્રકરણોમાં તે દોઆઓની વિગતો છે જેને પડવા માટે તાકીદ કરવામાં આવી છે. ઘણી દોઆઓ તેમણે નકલ કરી છે અને દોઆઓની બીજી કિતાબો તરફ રજુ થવાની તાકીદ કરી છે. સંપૂર્ણપણે આ એક શ્રેષ્ઠ કિતાબ છે. તાજેતરમાં તેનો ઉર્દૂ તરજુમો પણ પ્રકાશિત થયો છે તેમજ તેના અમૂક ભાગોનો અંગ્રેજી તરજુમો પણ પ્રકાશિત થઇ ચૂક્યો છે.

હાજી શયખ આકા બુઝુર્ગ તેહરાની ફરમાવે છે :

''આ વિષય ઉપર આજ સુધી મેં કોઇ કિતાબ જોઇ નથી.''

શયખ હબીબ મોહાજીર આમેલી તેમની કિતાબમાં લખે છે : ''દરેક મોઅમીન માટે જરૂરી છે કે આ કિતાબની એક પ્રત પોતાની પાસે રાખે.''

અય અલ્લાહ! અમારી મઅરેફતમાં વધારો કર. અમારી ગણતરી આં હઝરત (અ.સ.)ના સાથીદારોમાં અને અન્સારોમાં કર. આમીન.....

● ● ● ● ●

# 'મુન્તખબુલ અસર' મહદી એ મુન્તઝર (અ.સ.)ની મઅરેફતનો ખઝાનો

અલ મુન્તઝરના વાંચકોને યાદ હશે કે હિ. સન ૧૪૦૮ના શઅબાનુલ મુઅઝ્ઝમના અંકમાં 'કિતાબોની ઓળખ' અથવા 'ઇમામ (અ.સ.)ની મઅરેફતના માર્ગો' શિર્ષક હેઠળ એક લેખમાં કિતાબો થકી ઇમામે અસ્ર (અ.સ.)ની મઅરેફતનું મહત્ત્વ રજુ કરી ચૂક્યા છીએ. એ પણ વર્ણવી ચૂક્યા છીએ કે ઇસ્લામના પ્રારંભકાળથી જ મુસલમાનોમાં સંપાદન અને સંકલનનો સિલસિલો ચાલ્યો આવે છે અને આવી રીતે આપણી સંસ્કૃતિ અને કલ્ચર ઇલ્મની દ્રષ્ટિએ માલામાલ છે.

જે રીતે બીજા વિષયો ઉપર ઘણી કિતાબો લખવામાં આવી છે તેજ રીતે મહદવીય્યતના અકીદા ઉપર પણ સેંકડો કિતાબો મૌજુદ છે. 'અલ મુન્તઝર'ના અગાઉના અંકોમાં તેમાંની કેટલીક કિતાબોની સમીક્ષા થઇ ચૂકી છે.

આપણે આ લેખમાં આવી જ એક કિતાબની જાણકારી મેળવવા જઇ રહ્યા છીએ.

**કિતાબનું નામ:** મુન્તખબુલ અસર ફીલ ઇમામે અસ્સાની અશર (અ.સ.)

**ભાષા** : અરબી

**લેખક** : આયતુલ્લાહ લુતફુલ્લાહ સાફી ગુલપયગાની દામ ઝીલ્લોહુ આલી

**પાના** : ૫૨૫

**પ્રકાશક** : મકતબેસદ્ર, તહેરાન, ત્રીજી આવૃત્તિ

**પ્રકાશનની તારીખ** : ૨૮મી માહે રમઝાન, હિ.સન ૧૩૭૩

વાંચકોને એ જણાવવું જરૂરી છે કે આ લેખમાં 'કિતાબુલ મુન્તખબુલ અસર'ની એ આવૃત્તિ રજુ કરવામાં આવી છે જે એકજ ભાગમાં છે. તાજેતરમાં એક નવી આવૃત્તિ છપાઇ છે જે ત્રણ ભાગોમાં છે. જેમાં હદીસો ઉપરાંત પૃથક્કરણ અને ટીપ્પણોનો વધારો કરવામાં આવ્યો છે.

**નોંધ:** લેખકના અક્ષરોમાં જે ત્રીજી આવૃત્તિ મૌજુદ છે તેની ઉપર પ્રકાશનનું વરસ છપાયુ નથી. જો કે આ કિતાબ લેખક મારફતે ૨૮ રમઝાન ૧૩૭૩ હિજરીમાં એટલે કે આશરે ૫૨ વરસ પહેલા પ્રકાશિત થઇ. (જુઓ પ્રસ્તાવના) કિતાબના અંતમાં મોહતરમ લેખકે જ પુરૂં કર્યાની તારીખ શવ્વાલ હિ.સ. ૧૩૭૩ લખેલી છે. જો કે ૨૮ રમઝાન અને શવ્વાલમાં માત્ર એક બે દિવસનો ફેર છે.

કિતાબની સમીક્ષા કરતા પહેલા કિતાબના લેખક હઝરત આયતુલ્લાહ લુતફુલ્લાહ સાફી ગુલપયગાનીના વિષે જાણવું યોગ્ય ગણાશે.

આપનો જન્મ ઇરાનના ગુલપયગાન શહેરમાં ૧૯મી જમાદિયુલ અવ્વલ હિ.સન ૧૩૩૭ના રોજ થયો. આપના વાલિદ પણ એક પ્રખર આલિમે દીન હતા. તેમનું નામ મરહુમ આયતુલ્લાહ આખુન્દ મુલ્લા મોહમ્મદ જવાદ સાફી હતું. તેઓ પણ લેખક અને સંપાદક હતા. આપના માતા મશહૂર આલિમ હઝરત આયતુલ્લાહ આખુન્દ મુલ્લા મોહમ્મદ અલી મરહુમની પુત્રી હતા. તેણી પણ આલેમા અને શાએરે એહલેબૈત (અ.સ.) હતા.

પોતાના બુઝુર્ગ વાલિદ પાસેથી પ્રાથમીક ઇલ્મ હાંસિલ કરી લીધા પછી આપે ગુલપયગાનમાં મહાન આલિમ આખુન્દ મુલ્લા અબુલ કાસિમની પાસેથી પ્રાથમિક તબક્કે 'રસાએલ', 'મકાસીબ' અને 'કિફાયા' જેવી કિતાબોનું જ્ઞાન મેળવ્યું.

હિ.સ. ૧૩૬૦માં કુમ આવ્યા. કુમના હવ્ઝે ઇલ્મીયાના આપના ઉસ્તાદોમાં પાંચ મહાન આલિમો છે જેમના નામો નીચે મુજબ છે.

૧. હાજ આકા સય્યદ મોહમ્મદ તકી ખાનસારી (રહ.)

૨. હાજ આકા સય્યદ મોહમ્મદ હુજ્જત કોહકમરી (રહ.)

૩. હાજ આકા સય્યદ સદરૂદ્દીન સદ્ર આમેલી (રહ.)

૪. હાજ આકા સય્યદ મોહમ્મદ હુસયન બુરૂજર્દી (રહ.)

૫. હાજ આકા સય્યદ મોહમ્મદરઝા ગુલપયગાની (રહ.)

આપે કુમ ઉપરાંત નજફે અશરફના હવ્ઝે ઇલ્મીયામાં અમૂક મોટા મરજાઓ અને ઉસ્તાદો પાસેથી પણ ફયઝ લીધો છે. જેઓમાંના નોંધપાત્ર નામો નીચે મુજબ છે.

૧. હાજ આકા શયખ મોહમ્મદ કાઝિમ શીરાઝી (રહ.)
૨. હાજ આકા સય્યદ જમાલુદ્દીન ગુલપયગાની (રહ.)
૩. હાજ આકા શયખ મોહમ્મદઅલી (અ.ર.)

આપને મહાન આલિમ બનાવવા અને મરજઇય્યતના મહાન હોદ્દા સુધી પહોંચાડવામાં ઉસ્તાદે અઅઝમ, ફકીહે ઝમાના, ફખ્રે જહાને ઇસ્લામ, ઇલ્મ અને હિલ્મનો સ્ત્રોત, મરજએ આલી કદ્ર હઝરત આયતુલ્લાહુલ ઉઝમા હાજ આકા બુરૂજર્દી (રહ.) એ ચાવી રૂપ ભુમિકા અદા કરી છે.

આકા સાફી ગુલપયગાની, આકા બુરૂજર્દી (રહ.)ના ગર્વ લેવા જેવા વિદ્યાર્થીઓમાંના એક હતા. આપે આકાએ બુરૂજર્દીના વ્યાખ્યાનો પણ લખ્યા છે.

આકા સાફીના પ્રકાશનો અને ઇલ્મી લખાણોની સંખ્યા એક સો થી વધુ છે. જેના નામ અને વિશેષતા લખવા માટે એક જુદુ પુસ્તક જોઇએ. ખુદ ઇમામે ઝમાના (અ.સ.) વિષે 'મુન્તખબુલ અસર' ઉપરાંત કેટલીય કિતાબો લખી છે. જેવી કે

(૧) નવીદે અમનો અમાન (૨) અકીદએ આઝાદી બખ્શ (૩) બે સુએ દૌલતે કરીમા (૪) ફરોગે વિલાયત દર દોઆએ નુદબા (૫) વાબસ્તગી એ જહાન બા ઇમામે ઝમાના (અ.સ.) (૬) મઅરેફતે હુજ્જતે ખુદા દોઆ اَللّٰهُمَّ عَرِّفْنِيْ نَفْسَكَની શરહ

આ કિતાબો ફારસી ભાષામાં લખવામાં આવી છે અને આ કિતાબોની ગણતરી શ્રેષ્ઠ કિતાબોમાં થાય છે. હવે આપણે આપણા મૂળ વિષય તરફ પાછા ફરીએ. જેમ કે આપણે શરૂઆતમાં વર્ણવી ચુક્યા છીએ કે આ કિતાબમાં ૫૦૦થી વધારે પાનાઓ છે. આ કિતાબમાં

૧. પહેલી પ્રસ્તાવના છે જે લેખકે પોતે લખી છે
૨. દસ વિભાગો છે.
૩. એકસો પ્રકરણો છે.

આ કિતાબમાં પુનરાવર્તનને ગણતા ૭ હજારથી વધુ હદીસોની નોંધ કરવામાં આવી છે.

એહલે સુન્નતના આલિમોની આશરે ૭૦ અને શિયા આલિમોની આશરે ૯ કિતાબોમાંથી હદીસોની ચકાસણી કરીને નોંધ કરવામાં આવી છે. કિતાબની શરૂઆતમાં જ

مَصَادِرُ الكِتَابِ مِنْ كُتُبِ اعلام

العامَّةِ ........... اَعلامِ الخَاصَّةِ

ના શિર્ષક હેઠળ આ કિતાબોની યાદીને રજુ કરી શકાય છે.

## કિતાબની પ્રસ્તાવના :

જે વ્યક્તિને ઇતિહાસ અને આખરી ઝમાનામાં હઝરત મહદી (અ.સ.)ના ઝુહુરના બારામાં પયગમ્બર (સ.અ.વ.)ની મુતવાતીર આગાહીઓ અને આપના અસહાબોએ ટાંકેલી હદીસોનું ઇલ્મ અને અનુભવ છે, તેનાથી એ હકીકત છુપી નથી કે ઇમામ મહદી (અ.સ.)ના અસ્તિત્વના સૂર્યનો ઉદય અજ્ઞાનતાના અંધકારને દૂર કરવા, જુલમ અને અત્યાચારનો અંત લાવવા, ન્યાયના ધ્વજને ફરકાવવા, સત્યના કથનને બુલંદ કરવા અને ઇસ્લામને બધા ધર્મો ઉપર વર્ચસ્વ અપાવવા માટે થશે, પછી ભલે મુશરીકોને આ હકીકત અણગમતી જ કેમ ન લાગે. આપ અલ્લાહના હુકમથી દુનિયાને અલ્લાહ સિવાયના ખુદાઓની બંદગીના અપમાનથી મુક્તિ અપાવશે, ખરાબ ચારિત્ર્ય અને ખરાબ આદતોનો અંત લાવશે અને એ કાનુનોને નાબૂદ કરી નાંખશે જેને લોકોએ પોતાના લાભ માટે ઘડી કાઢ્યા છે.

આપના ઝુહુર થકી અલ્લાહ પોતાના વાયદાને પૂરો કરશે. (પ્રસ્તાવના, પાના નં. ૧)

અલ્લાહના વાયદાના અનુસંધાનમાં માનનીય લેખકે કુરઆનની આયતોનો હવાલો આપ્યો છે જેના થકી માનવીની બુદ્ધિને ઢંઢોળી દીધી છે. આવો આ વિષય પરનો સાર જોઇએ.

આ વાયદો એવી બાબત છે જે અંગે મુસલમાનોના

એકમત હોવાને અને તેના પરના 'ઇજમાઅ'ને કોઇએ વ્યર્થ નથી ગણ્યો. પ્રાચીન કાળથી આજ સુધી જે લોકોએ મહદવીય્યતનો દાવો કર્યો છે તે લોકોએ પણ અલ્લાહના આજ વાયદા અને આગાહીઓને પોતાના દાવાના ટેકારૂપે રજુ કરી છે.

(પ્રસ્તાવના : ૧ અને ૨)

**યાદીઃ**ઇમામ મહદી (અ.સ.)ની અકીદતના મૂળ જો કુરઆન અને પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની રિવાયતોમાં ન હોત તો મહદવીય્યતના ખોટા દાવેદારો કેવી રીતે તેનો ફાયદો ઉપાડવાની કોશિશ કરત? ખોટા સિક્કાઓ અસલનીજ નકલ હોય છે.

**પુરાવાઓ :**

અમૂક લોકો મહદી (અ.સ.)ના ઝુહુરના બારામાં આવેલી હદીસો ઉપર શંકાઓ કરે છે અને હદીસની સનદોને ઝઇફ ઠરાવીને હદીસને ઝઇફ ગણે છે. આવી રીતે મુસલમાનોમાં અંદરો અંદર વિખવાદ, આપસમાં દુશ્મની અને પૂર્વાગ્રહના બીજ રોપાયા છે. લેખકે 'ઇલ્મે હદીસ'ની રોશનીમાં જવાબ આપ્યો છે.

*''સનદનું ઝઇફ હોવું ત્યારે જ માન્ય ગણાય છે જ્યારે ખબર મુતવાતીર ન હોય. પરંતુ મુતવાતીર ખબરના વિશ્વસનીય હોવા માટે મજબુત સનદ શર્ત નથી.''*

(મુકદ્દમા, પાના નં. ૧)

તેવી જ રીતે ફરમાવે છે :

وَ لَيۡسَ فِى الۡمَسَائِل النقلية الَى......

*''અને જે બાબતો રિવાયતમાં આવી છે તેની સાબિતિની કોઇ રીત નથી સિવાય કે સાંભળવું (સાંભળીને ઇમાન લાવવું). તે સાંભળવા ઉપર ઇમાન રાખવું, ઇમામ મહદી (અ.સ.)ના ઝુહુર ઉપર ઇમાન રાખવાથી બહેતર નથી. જો કે આપણે એમ નથી કહેતા કે મહદી (અ.સ.)ના ઝુહુર ઉપર ઇમાન રાખવું તે અમૂક મસઅલાથી અફઝલ છે. કારણકે મહદી (અ.સ.)ના ઝુહુરના બારામાં જે આગાહીઓ હદીસમાં આવી છે તે મુતવાતીર રિવાયતો તવાતુરની હદ સુધી પહોંચેલી છે. જ્યારે કે બીજા મસઅલાઓમાં જેની ઉપર ઘણા મુસલમાનોનો અકીદો છે તે મુતવાતીર નથી. બલ્કે તેઓએ માત્ર એકજ હદીસ ઉપર સંતોષ માની લીધો છે. તો પછી મુસલમાનો માટે એ જાએઝ નથી કે તેઓ ઇમામ મહદી (અ.સ.)ના ઝુહુરના સંબંધમાં મુતવાતીર હદીસોની ઉપર શંકા કરે.''*

આવી જ રીતે પ્રસ્તાવનાને વાંચતા જઇએ તો પુરાવા વધુને વધુ મજબુત બનતા જશે.

**સંકલનનો હેતુ :**

પ્રસ્તાવનાની ચર્ચાના અંતમાં અમે અહિં એ દર્શાવવાનું જરૂરી સમજીએ છીએ કે લેખકે આ કિતાબ શા માટે લખી :

وَ اِنَّمَا الباعث لقديم هٰذا الكتاب......

(મુકદ્દમા, પાના નં. ૬ અને ૭)

ખરેખર, આ કિતાબ 'મુન્તખબુલ અસર'ને વાંચકો સમક્ષ રજુ કરવાનું કારણ ગયબતના ઝમાનાને રજુ કરવાનો છે. તેમાં પણ ખાસ કરીને આખર ઝમાનામાં મહદવીય્યત અને ઇમામતના દાવેદારોના દાવાઓને જુઠ્ઠા સાબિત કરવાનો છે. આજના સમયમાં મુસલમાનોને તેની સખત જરૂરત છે તેનું કારણ એ છે કે આપણા દુશ્મનો એવા હથિયારો અને માધ્યમોને કામે લગાડવાથી અટકતા નથી, જેથી મુસલમાનોમાં મતભેદ ઉભો કરી અને અદાવતની આગને ભડકાવી શકે તેમજ આંતરીક ઝઘડાઓમાં રચ્યા પચ્યા રાખે.

આવા હથિયાર માનું એક હથિયાર ઇમામ મહદી (અ.સ.) (અરવાહોના ફિદા)ને લગતા પ્રશ્નો છે.

આ હેતુઓને પાર પાડવા માટે અમૂક દેશો જેવા કે ઇરાન, ભારત અને આફ્રીકામાં અમૂક હલ્કા અને સત્તા ભૂખ્યા, બદ અખ્લાકમાં મશહૂર, કમ અકલ અને તુચ્છ લોકોએ મહદવીય્યતનો દાવો કર્યો.

લેખક વિગતવાર વર્ણન કરતા લખે છે કે તે લોકોએ ઇમામ મહદી (અ.સ.) વિષે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)એ બતાવેલી સિફતો, નિશાનીઓ, અને અસરોને બાજુ ઉપર મૂકી દીધી છે. આ રીતે તે લોકો કે જેઓ ઇમામ મહદી (અ.સ.)ના બારામાં વારીદ થયેલ હદીસોને નથી જાણતા તે લોકો તેઓની માયા જાળમાં ફસાઇ જાય છે.

*''તેથી અમે આ હદીસોમાંથી અમૂકને ભેગી કરી છે. અને તે શીયા અને સુન્નીની વિશ્વસનીય કિતાબોમાંથી લીધી છે.''*

(મુકદ્દમા, પાના નં. ૮)

## દસ વિભાગ અને સો પ્રકરણની ચર્ચા :

પાંચસોથી વધુ પેજની આ કિતાબની ઓળખ કિતાબમાં આવેલ અર્થોની છણાવટ સાથે કરવી તે ખૂબજ અઘરૂં કામ છે. તેથી આપણે પોતે ઇમામે ઝમાના (અ.સ.) સાથે તવસ્સુલ કરીએ કે આં હઝરત (અ.સ.) આપણી મદદ કરે અને આપણે આ ભવ્ય કિતાબની ઓળખ સાથે તે હઝરત (અ.સ.)ની મઅરેફતના પાસાઓની છણાવટ કરી શકીએ.

## ભાગ - ૧ : (પાના ૧૦ થી ૧૪૦)

ઇમામ બાર છે (الأئمة اثنا عشر) આ ભાગમાં આઠ પ્રકરણો છે.

જાબીર બિન સમરહ કહે છે : મેં રસુલુલ્લાહ (સ.અ.વ.) પાસેથી સાંભળ્યું કે આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે :

''બાર અમીર હશે'' તે પછી એક વાક્ય બોલ્યા જે હું સાંભળી શક્યો નહિં. પછી મારા વાલિદે કહ્યું કે પયગમ્બર (સ.અ.વ.)એ ફરમાવ્યું : ''તે બધા કુરૈશમાંથી હશે.''

જાબીર બિન સમરહ - રસુલુલ્લાહે ફરમાવ્યું : ''આ મઝહબ આવી જ રીતે સન્માન ભર્યો રહેશે.'' જયારે આપે કહ્યું કે બાર ખલીફા થશે ત્યારે લોકોએ અલ્લાહો અકબરનો નારો લગાવ્યો અને શોર મચી ગયો. ત્યાર બાદ એક વાક્ય બીજું કહ્યું જે હું સાંભળી ન શક્યો. મેં મારા પિતાને પુછ્યું ''પયગમ્બર (સ.અ.વ.)એ શું ફરમાવ્યું'' : તેમણે કહ્યું કે આપ (અ.સ.)એ ફરમાવ્યું : ''બધા કુરૈશમાંથી હશે.''

(ફસ્લ ૧, બાબ : ૧, હ. ૬)

આ હદીસને લેખકે સહીહ અબી દાઉદના હવાલાથી (કિતાબુલ મહદી, ભાગ - ૨, પાના નં. ૨૦૭, મિસ્રના મત્બઉત્તાઝેઅથી છપાએલ) લખ્યું છે અને વાંચકોનું ધ્યાન આ તરફ દોર્યું છે.

''અબુ દાઉદે 'કિતાબુલ મહદી'માં આ હદીસો ટાંકી તે સૂચવે છે કે તે ઇમામ મહદી (અ.સ.) ને તે બાર ખલીફાઓમાં ગણે છે. નહિં તો આ હદીસોને ત્યાં લખવાનો કોઇ સંબંધ ન હોત.''

(મુન્તખબુલ અસર હાશીયા, પાના નં. ૧૨)

ધ્યાનમાં રાખો કે 'હદીસે અઇમ્મતો ઇસ્નાઅશર' માત્ર ઇમામીયા શિયા મઝહબ ઉપર જ ખરી ઉતરે છે. તેનું કારણ એ છે કે અમૂક હદીસોનો અર્થ એવો થાય છે કે ઇસ્લામનો તે સમય સુધી અંત નહિં આવે જ્યાં સુધી મુસલમાનોમાં બાર ખલીફા ન થઇ જાય. અમૂકનો અર્થ એવો થાય છે કે ઇસ્લામની ઇઝઝત અને ફખ્ર ત્યાં સુધી છે જ્યાં સુધી બાર ખલીફાઓનું અસ્તિત્વ છે. અમૂકનો અર્થ એવો થાય છે કે દીન કયામતના દિવસ સુધી બાકી રહેશે અને ઇમામો (અ.સ.)નો સિલસિલો પણ દુનિયાના અંત સુધી બાકી રહેશે. અમૂકના અર્થ એવો થાય છે કે તેઓ બાર હશે અને તેઓ બની હાશિમમાંથી હશે.

બધી હદીસોનું તારણ એ નિકળે છે કે ખલીફાઓ બાર હશે અને એક પછી એક આવશે અને આ વાત જાહેર છે કે આ વિશેષતા માત્ર બાર ઇમામોમાંજ જોવા મળે છે.

(હાશીયા, પાના નં. ૧૪)

આ ભાગના બાકીના પ્રકરણોના થોડા શિર્ષકો આ પ્રમાણે છે :

આ ખલીફાઓની સંખ્યા બની ઇસરાઇલના સરદારોની સંખ્યા જેટલી છે. ઇમામ બાર છે તેમાં પહેલા અલી (અ.સ.) છે અને છેલ્લા મહદી (અ.સ.) છે.

## ભાગ - ૨, પાના નં. ૧૪૧ થી ૩૧૯

આ ભાગમાં ૪૯ પ્રકરણો છે. આ પ્રકરણોમાં ઇમામ મહદી (અ.સ.)ના વિષે વિશ્વાસપાત્ર સુન્ની અને શીયાઓની કિતાબોમાંથી હદીસોની નોંધ કરવામાં આવી છે. તેમાંના બધા વિષયોના નામોને અહીં નોંધવાનો અવકાશ નથી. અલબત્ત સામુહિક રીતે આ ભાગમાં ઇમામ મહદી (અ.સ.)ના ઝુહુરની ખુશખબરીઓ દર્શાવવામાં આવી છે કે જેમાં નોંધવામાં આવ્યું છે કે આપ (અ.સ.) એહલેબૈત (અ.સ.)માંથી છે, ઇમામ હુસૈન (અ.સ.)ના

વંશમાંથી છે, ઇમામ સજ્જાદ (અ.સ.)ના વંશમાંથી છે, અને આજ રીતે બાકીના ઇમામો (અ.સ.)ના નામની નિસ્બતથી હદીસો વારીદ થઇ છે.

જનાબ ઉમ્મે સલમા (સ.અ.) ફરમાવે છે કે મેં પયગમ્બર (સ.અ.વ.) પાસેથી સાંભળ્યું છે કે :

هُوَ مِنْ وُلْدِ فَاطِمَةَ

*''તે (મહદી અ.સ.) ફાતેમા (સ.અ.)ની ઔલાદમાંથી છે.''*

આઠમાં પ્રકરણની હદીસ નં. ૪નો ખુલાસો :

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું : ''તે જાતની કસમ કે જેની કુદરતના કબ્જામાં મારી જાન છે, બેશક જે મહદી (અ.સ.)ની પાછળ ઇસા (અ.સ.) નમાઝ પડશે તે અમારામાંથી છે. પછી ઇમામ હુસૈન (અ.સ.) ના ખભા ઉપર હાથ મૂક્યો અને ફરમાવ્યું. તે આમની વંશમાંથી થશે.''

(પાના નં. ૧૯૯)

પ્રકરણ : ૨૭ની હદીસ નં. ૨

અસબગ બિન નોબાતાને અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ ફરમાવ્યું : ''તે (મહદી) જરૂર ગાએબ થશે એટલે સુધી કે નાદાન કહેશે, અલ્લાહને આલે મોહમ્મદ (અ.સ.)ની જરૂર નથી.''

(પાના નં. ૨૫૫)

## ભાગ - ૩ : (પાના નં. ૩૨૦ થી ૩૫૭)

આ ભાગમાં ત્રણ પ્રકરણો છે. તેમાં ઇમામ મહદી (અ.સ.)ની વિલાદત, વિલાદતની તારીખ, આપના માતા (અ.સ.)ના હાલાત વર્ણવવામાં આવ્યા છે.

ઇમામ હસન અસ્કરી (અ.સ.) ફરમાવે છે :

''અલ્લાહના વલી, તેના બંદાઓ ઉપર તેની હુજ્જત અને મારી પછી થનારા ખલીફાનો ૧૫મી શાબાનની રાત્રે હિ. સન. ૨૫૫ના રોજ સુર્યોદયના સમયે ખત્ના થએલી હાલતમાં જન્મ થયો.''

(પાના નં. ૩૨૦)

આ પ્રકરણમાં દર્શાવેલ હદીસની નીચે લેખકે આશરે ૮૨ પાનાનો એક લાંબો હાશીયો લખ્યો છે, જે એક પુસ્તક જેવો છે અને તે વાંચવા લાયક છે. લેખકે એહલેસુન્નતના ખૂબજ મશહૂર અને જાણીતા ૬૫ આલિમોએ ઇમામે ઝમાના (અ.સ.)ની વિલાદતના વિષયમાં તેઓના વર્ણનો લખ્યા છે. જેમાં મૌલવી અલી અકબર બિન અસફુલ્લાહ મવદુદી હિન્દી, શયખ અબ્દુલ રહેમાન હિન્દી, શાહ વલીયુલ્લાહ દહેલવી, ('તોહફએ ઇસ્નાઅશરીયા'ના લેખક, શાહ અબ્દુલ અઝીઝના પિતા) ફાઝિલ રશીદુદ્દીન દહેલવી જેવા આલીમોનો સમાવેશ થાય છે. જે વાંચ્યા પછી એ સ્પષ્ટ થઇ જાય છે કે એહલે સુન્નતના પણ ઘણા આલિમો ઇમામ મહદી (અ.સ.) હિ. સન. ૨૫૫માં જન્મ્યા તેવી માન્યતા ધરાવે છે.

## ભાગ - ૪ : (પાના નં. ૩૫૮ થી ૪૦૦)

આ ભાગમા ત્રણ પ્રકરણો છે. તેમાં ગયબતે સુગરા દરમ્યાન અમૂક લોકોની આપની સાથેની મુલાકાતો અને મોઅજીઝાનું વર્ણન છે. તેમજ ગયબતે સુગરામાં આપના પ્રતિનિધિ (નાએબ)નો ઉલ્લેખ છે. આ ભાગની બધી હદીસો ઘણું મહત્ત્વ ધરાવે છે. કોઇ એક પ્રકરણની એક હદીસ દર્શાવવા કરતા આ હદીસોનો સાર રજુ કરવો વધારે ઉપયોગી થઇ પડશે.

૧. ગયબતે સુગરાના સમયગાળા દરમ્યાન ચાર ખાસ નાએબોએ આપની મુલાકાતો કરી છે.
૨. ચાર ખાસ નાએબો સિવાય બીજા લોકોએ પણ આપની સાથે મુલાકાતો કરી છે.
૩. ખાને કાબાની નઝદીક ઘણી વખત ઇમામે ઝમાના (અ.સ.)ને જોવામાં આવ્યા છે.
૪. આપના કાકા જઅફરે ઘણી વખત આપને જોયા છે. ઇમામ હસન અસ્કરી (અ.સ.)ના માતા એટલે કે આપના દાદીના મૃત્યુના સમયે જઅફરે દફનના બારામાં ઝઘડો કર્યો ત્યારે ઇમામે ઝમાના (અ.સ.) તશરીફ લાવ્યા.
૫. અલી બિન ઇબ્રાહીમ બિન મેહઝિયાર અલ અહવાઝીની ઇમામે ઝમાના (અ.સ.) સાથે મુલાકાત,
૬. ત્રીસ વ્યક્તિઓને ઇમામે ઝમાના (અ.સ.) એ મક્કામાં મુસ્તજારની પાસે પડવાની દોઆ શિખવાડી.

આવા ભાવાર્થો ઉપરાંત લેખકે આ પ્રકરણના હાંસિયામાં કેટલાય મહત્ત્વના વિષયો ઉપર ચર્ચા કરી છે. ગયબતનું કારણ અને સરદાબ અંગે બીજા લોકોના મેણા

ટોણા અને ટીકાઓનો જવાબ લખ્યો છે. તદ્ઉપરાંત ચાર ખાસ નાએબોની વિશ્વસનીયતા, અમાનતદારી અને સચ્ચાઇને સાબિત કરી છે.

## ભાગ - ૫ : (પેજ નં. ૪૦૧ થી ૪૨૦)

આ ભાગમાં બે પ્રકરણો છે. ગયબતે કુબરામાં આપનું જીવન, મોઅજીઝાઓ અને જે લોકોને આપની ઝિયારતનો શરફ મળેલ છે તેની વિગતો આપવામાં આવી છે. પહેલા જ પ્રકરણમાં ઇસ્માઇલ બિન અલ હસન હરકલીની ઇમામે ઝમાના (અ.સ.) સાથેની મુલાકાતના પ્રસંગનું વર્ણન છે. આ ભાગના પહેલા પ્રકરણમાં જે રિવાયતો વર્ણવવામાં આવી છે તેમાં ઇમામે ઝમાના (અ.સ.)ની મુલાકાતના એવા પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું છે જેમને ઇમામ (અ.સ.)એ મોઅજીઝાથી શિફા આપી છે અથવા બાદશાહો અને હાકિમોના અત્યાચારમાંથી છોડાવ્યા છે. સાતમી હદીસમાં અઇમ્મા (અ.સ.)ની સાથે તવસ્સુલ કરવાના ફાયદાઓ અને ખાસીયતો વર્ણવવામાં આવ્યા છે.

રબીયુલ અવ્વલ હિ. સ. ૪૪૨નો પ્રસંગ છે. અબુલ વફાઅ શીરાઝી કહે છે કે મને કીરમાનના હાકિમ અબુ અલી ઇલ્યાસે પકડીને કેદખાનામાં નાખી દીધો ત્યારે વકીલો મને કહેતા હતા કે તેણે તમને સજા કરવાનો નિર્ણય લઇ લીધો છે. તેથી હું ગમગીન રહેતો હતો અને હું નબી અને અઇમ્મા (અ.સ.)ના વસીલાથી અલ્લાહની બારગાહમાં મુનાજાત કરતો હતો. હું શબે જુમ્આ દોઆ કરીને સૂઇ ગયો. મેં સ્વપ્નમાં રસુલ (સ.અ.વ.)ને જોયા. આં હઝરત (સ.અ.વ.)એ ફરમાવ્યું :

*''તમે કોઇ દુન્યવી બાબત માટે મારી સાથે, મારી પુત્રી કે મારા પુત્રો હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ની સાથે તવસ્સુલ ન કરો સિવાય કે તે બાબતો માટે જેના થકી તમે અલ્લાહની ઇતાઅત અને તેની ખુશ્નુદી મેળવી શકો. હા! મારા ભાઇ અબુલ હસન તે માણસ પાસેથી બદલો લેશે જેણે તમારી ઉપર ઝુલ્મ કર્યો છે.''*

રાવી કહે છે કે મેં અરજ કરી : ''યા રસુલુલ્લાહ! તેઓ તેનાથી કેવી રીતે બદલો લેશે જેણે મારી ઉપર ઝુલ્મ કર્યો છે? જ્યારે કે તેમના ગળામાં ફંદો પડ્યો હતો ત્યારે તેમણે બદલો ન્હોતો લીધો, તેમના હકને ગસ્બ કરી લેવામાં આવ્યો, ત્યારે તેમણે અવાજ ન ઉઠાવ્યો.''

રાવી કહે છે કે આપ (અ.સ.)એ આશ્ચર્ય સાથે મારી સામે જોયું અને ફરમાવ્યું :

''આ એક વચન છે જે મેં તેમની પાસેથી લીધું છે અને એક હુકમ છે જે મેં તેમને આપ્યો છે. તે તેને જરૂર અંજામ આપશે અને આ બાબતે હક અદા કરશે. હલાકત તે વ્યક્તિના માટે જ છે, જેણે ખુદાના વલી સાથે ઝઘડો કર્યો. જ્યાં સુધી અલી ઇબ્નિલ હુસૈન (અ.સ.)ની વાત છે તો તે બાદશાહો અને શૈતાનોના ફંદાઓમાંથી નજાત અપાવનારા છે. (બાદશાહો અને શૈતાનોના ફંદાઓથી નજાત મેળવવા માટે અલી ઇબ્નીલ હુસૈનથી તવસ્સુલ કરો) મોહમ્મદ બિન અલી (અ.સ.) અને (મોહમ્મદ બાકિર (અ.સ.)) જઅફર બિન મોહમ્મદ (અ.સ.) આખરેતના માટે છે. તમે તેમના થકી અલ્લાહની ઇતાઅત માગો. મુસા બિન જઅફર (અ.સ.)ના થકી ખુદા પાસે સારા અંતની માંગણી કરો. અલી બિન મુસા અર્રેઝા થકી જમીન અને દરિયામાં સલામતિ માગો. મોહમ્મદ બિન અલી (અ.સ.) થકી અલ્લાહની પાસે રોઝી મેળવો અને અલી બિન મોહમ્મદ (અ.સ.) નાફેલા, બિરાદરો સાથે નેકી કરવી અને અલ્લાહની ઇતાઅત પ્રત્યે લગાવ પૈદા કરવા માટે છે અને હસન બિન અલી (અ.સ.) આખરેતના માટે છે. જ્યારે તમારા માથા ઉપર તલવાર હોય અને દુશ્મનોના હાથ તમારી ગરદન સુધી પહોંચી જાય ત્યારે તમે સાહેબુઝઝમાન (અ.સ.) પાસે મદદ માગો તે જરૂર તમારી મદદ કરશે.''

રાવી કહે છે કે મેં સ્વપ્નામાં જ આવાઝ આપી **يَا صَاحِبَ الزَّمان اَدْرِكْنِيْ** હકીકતમાં તો મારી શક્તિ ખતમ થઇ ચૂકી હતી. અબુલ વફાઅ કહે છે કે જ્યારે હું સ્વપ્નામાંથી જાગ્યો ત્યારે મેં જોયું કે ચોકીદારો મારી બેડીઓ ખોલી રહ્યા છે. (પાના નં. ૪૦૯)

બીજા પ્રકરણમાં તે લોકોની વાત છે જેમણે આપને ગયબતે કુબરામાં જોયા છે. પહેલો પ્રસંગ મુકદ્દસે અર્દબેલીનો છે. હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના

હરમમાં હઝરત અમીર (અ.સ.)ની સાથે વાતચીત કરી અને મસ્જીદે કુફામાં ઇમામે ઝમાના (અ.સ.) સાથે વાતચીત કરી. આ પ્રમાણે ગયબતે કુબરામાં ઇમામે ઝમાના (અ.સ.) સાથે મુલાકાત કરનારાઓના આઠ પ્રસંગોને વર્ણવવામાં આવ્યા છે.

## ભાગ - ૬ : (પાના નં. ૪૨૧ થી ૪૬૯)

આ ભાગમાં ૧૧ પ્રકરણો છે. તેમાં ઇમામે ઝમાના (અ.સ.)ના ઝુહુરની નિશાનીઓ અને ઝુહુર પહેલાના પ્રસંગોનું વર્ણન છે.

ઇમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે :

**اَمَّنْ يُّجِيْبُ الْمُضْطَرَّ اِذَادَعَاهُ وَيَكْشِفُ السُّوْءَ**

*આ આયત કાએમે આલે મોહમ્મદ (અ.સ.)ની શાનમાં ઉતરી છે. જ્યારે તેઓ મકામે ઇબ્રાહીમમાં બે રકાત નમાઝ પડશે ત્યારે આપ મુઝતર (બેચૈન - વ્યાકુળ) હશે અને અલ્લાહ પાસે દોઆ કરશે. અલ્લાહ આપ (અ.સ.)ની દોઆને કબુલ કરશે અને તેમની મુશ્કેલીઓને દૂર કરશે અને તેમને આ દુનિયાના ખલિફા બનાવશે.*

(ભાગ - ૬૪, પ્ર. ૧, હ. ૫)

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું :

*''તે સમયે તમારી હાલત કેવી હશે જ્યારે તમારી સ્ત્રીઓ તમારા કહ્યામાં નહિં હોય અને તમારા જવાનો બદકાર થઇ જશે. તમે સારા કામોનો હુકમ નહિં આપો અને ખરાબ કામોથી નહિં અટકાવો.''*

અરજ કરવામાં આવી : ''અય અલ્લાહના રસુલ શું આવું પણ થશે?''

આપ (સ.અ.વ.)એ ફરમાવ્યુ :

*''હા!, તેનાથી વધુ ખરાબ તે જમાનો હશે કે તેમાં તમે સારી બાબતોને ખરાબ ગણશો અને ખરાબ બાબતોને સારી.''*

(ભાગ- ૬, પ્ર. ૨, હ. ૩,)

આ પ્રકરણની બધી હદીસો વાંચવી જોઇએ. તેમાંની અમૂક હાલતની આગાહીઓને આપણે જોઇ રહ્યા છીએ. અમૂક બની ચૂકી છે અને ભવિષ્યમાં એવી એવી બાબતો બનવાની છે કે જેની કલ્પનાથી આપણે ધ્રુજી ઉઠીએ છીએ.

ત્રીજા પ્રકરણમાં હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની એક હદીસ નોંધવામાં આવેલી છે.

*''જ્યારે એક પોકાર કરનારો આસમાનમાંથી પોકાર કરશે 'હક આલે મોહમ્મદમાં છે' તે સમયે લોકોની જીભ ઉપર મહદી (અ.સ.)નું નામ હશે અને તેઓ અનહદ ખુશ થશે.''*

(ભાગ - ૬, પ્ર. ૩, હ. ૧૯)

ઇમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યું :

*''હઝરત કાએમ (અ.સ.)ને એક પોકાર કરનાર (આસમાનમાંથી) આપના પિતાના નામ સાથે પોકાર કરશે... તેજ દિવસે હઝરત કાએમ (અ.સ.) જાહેર થશે.''*

(ભાગ - ૬, પ્ર. ૪, હ. ૨)

એક માણસે ઇમામ સાદિક (અ.સ.)ને પુછ્યું :

''આપના કાએમ (અ.સ.) ક્યારે ઝુહુર ફરમાવશે?''

આપ (અ.સ.)એ જવાબ આપ્યો :

*''જ્યારે ગુમરાહી ફેલાઇ જશે, હિદાયત ઓછી થઇ જશે, ઝુલ્મ અને અત્યાચાર વધી જશે, સુધારણા અને સારપ ઘટી જશે, પુરૂષો પુરૂષો અને સ્ત્રીઓ સ્ત્રીઓ થકી સંતોષ મેળવશે, ફકીહો દુનિયા તરફ આકર્ષાશે, મોટા ભાગના લોકો શેર અને શાયરીને પસંદ કરશે, બિદઅત કરનારાઓનો એક સમુહ મસ્ખ થઇને વાંદરાઓ અને સુવ્વરોના રુપમાં બદલાઇ જશે, સુફીયાની કતલ થઇ જશે, દજ્જાલ જાહેર થશે....''*

(ભાગ - ૬, પ્ર. ૯, હ. ૫)

## ભાગ - ૭ : (પાના નં. ૪૭૦ થી ૪૮૨)

આ ભાગમાં ૧૨ પ્રકરણો છે. તેમાં ઝુહુર પછીની પરિસ્થિતિ દર્શાવવામાં આવી છે.

ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.)થી રિવાયત છે કે:

*''અલ્લાહ મહદી (અ.સ.) અને તેમના સાથીઓને દુનિયામાં પૂર્વ અને પશ્ચિમના માલિક બનાવશે. દીનનું વર્ચસ્વ સ્થાપી દેશે. અલ્લાહ તેમના તથા તેમના સાથીદારો થકી બિદઅત અને બાતિલનો એવી રીતે નાશ કરી નાખશે જેવી રીતે બેવકુફી અને અજ્ઞાનતા હકને પામાલ કરી દે છે પછી ઝુલ્મનું નામોનિશાન જોવા નહીં મળે, તેઓ નેક વાતોનો હુકમ આપશે અને ખરાબ બાબતોથી રોકશે પછી કાર્યનો અંજામ અલ્લાહની પાસે જ છે.''*

(ભાગ - ૭, પ્ર. ૧, હ. ૧)

*''જ્યારે કાએમે આલે મોહમ્મદ (અ.સ.) કયામ*

*કરશે ત્યારે અલ્લાહ પૂર્વ અને પશ્ચિમવાળાઓને ભેગા કરી દેશે. તેઓ એવી રીતે ભેગા થઈ જશે જે રીતે અષાઢના વાદળો ભેગા થઈ જાય છે.''*

(ભાગ - ૭, પ્ર. ૬, હ. ૧)

ઈમામ બાકિર (અ.સ.)એ ફરમાવ્યું :

*''બેશક ઈસા (અ.સ.) કયામતની પહેલા આ દુનિયામાં આવશે..... હઝરત ઈસા (અ.સ.) મહદી (અ.સ.)ની પાછળ નમાઝ પઢશે.''*

(ભાગ - ૭, પ્રકરણ : ૮, હદીસ નં. ૧)

એક લાંબી હદીસમાં પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ ફરમાવ્યું :

*''જે દિવસે દજ્જાલ જાહેર થશે તે દિવસે ૭૦ હજાર યહુદીઓ, ઝીનાથી પેદા થએલા લોકો, શરાબ પીનારા, ગાવા વગાડવાવાળા, મોજશોખમાં ડુબેલા લોકો, જાહીલ અરબ વણજારા અને સ્ત્રીઓ તેની સાથે થઈ જશે. તે વ્યભિચાર, લવાત (સૃષ્ટિ વિરૂદ્ધનું કામ) અને બધી મનાઈ કરવામાં આવેલી બાબતોને મુબાહ ગણશે. એટલે સુધી કે પુરૂષો સ્ત્રીઓ અને છોકરાઓની સાથે જાહેર માર્ગ ઉપર ખુલ્લંખુલ્લા બદકામ કરશે. મક્કા, મદિના અને ઈમામો (અ.સ.)ના હરમો સિવાય આખી ધરતી ઉપર કબ્જો જમાવી દેશે. જ્યારે તે હદ બહાર બંડપોકારી ચુકશે અને દુનિયા તેના અને તેના મદદગારોના અત્યાચારોથી ભરાઈ જશે ત્યારે તેને આપ (ઈમામ મહદી અ.સ.) કતલ કરશે. જેમની પાછળ ઈસા (અ.સ.) નમાઝ પઢશે.''*

(ભાગ - ૭, પ્ર. ૯, હ. ૨)

ઈમામ બાકિર (અ.સ.) ફરમાવે છે :

*''જ્યારે અમારા કાએમ (અ.સ.) કયામ કરશે ત્યારે આપ (અ.સ.) અલ્લાહના બંદાઓના માથા ઉપર હાથ મુકશે. જેનાથી તેઓની અક્કલો પરિપૂર્ણ થઈ જશે અને શરીરો તંદુરસ્ત થઈ જશે.''*

(ભાગ - ૭, પ્ર. ૧૨, હ. ૧)

## ભાગ - ૮ : (પાના નં. ૪૮૩ થી ૪૮૬)

આ ભાગમાં બે પ્રકરણો છે જેમાં આપના મદદગારો અને સાથીદારોની વિગતો આપવામાં આવી છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી રિવાયત છે કે આપ (અ.સ.)એ ફરમાવ્યું :

*''હઝરત મહદી (અ.સ.)ના સાથીદારો જવાન હશે તેમનામાં કોઈ વૃદ્ધ નહિં હોય સિવાય કે જેટલું આંખમાં સુરમો અને ખોરાકમાં મીઠું અને ખોરાકમાં સૌથી ઓછું મીઠું જ હોય છે. (વૃદ્ધોની સંખ્યા ઘણી ઓછી હશે)''*

(ભાગ - ૮, પ્ર. ૧, હ. ૩)

## ભાગ - ૯ : (પાના નં. ૪૮૭ થી ૪૯૧)

આ ભાગમાં ત્રણ પ્રકરણ છે. જેમાં ઝુહુર પછી આપ (અ.સ.)ની ખિલાફતનો સમયગાળો અને આપ (અ.સ.)ની લોકોની દરમ્યાન જીવન જીવવાની રીતભાત દર્શાવવામાં આવી છે.

ઈમામ સાદિક (અ.સ.)ને રાવીએ પુછ્યું કે :

''કાએમ કેટલો સમય શાસન કરશે?''

આપ (અ.સ.)એ ફરમાવ્યું :

''સાત વરસ જે તમારા સિત્તેર વરસો સમાન છે.''

## ભાગ : - ૧૦ (પાના નં. ૪૯૨ થી ૫૨૫)

આ ભાગમાં સાત પ્રકરણ છે.

પયગમ્બરે અકરમ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

*''જેણે મારા પુત્રોમાંથી કાએમ (અ.સ.)નો ઈન્કાર કર્યો, હકીકતમાં તેણે મારો ઈન્કાર કર્યો.''*

## ઈન્તેઝારની ફઝીલત :

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું :

*''અલ્લાહ તે બંદા ઉપર રહેમ કરે જેણે અમારા માટે પોતાના નફસને મેહસુસ કર્યો. ખુદા તે બંદા ઉપર રહેમ કરે જેણે અમારા અમ્રોને જીવંત કર્યા,''*

રાવીએ પુછ્યું :

''જો હું હઝરત કાએમ (અ.સ.)ના ઝુહુરની પહેલા જ મરી ગયો તો?''

આપ (અ.સ.)એ ફરમાવ્યું :

*''તમારામાંથી એ કહેનારા કે 'જો હું હઝરત કાએમ (અ.સ.)ના ઝમાનામાં રહીશ તો તે હઝરતની મદદ કરીશ.' તે એ માણસની જેવો છે જે આપ (અ.સ.)ની સાથે રહીને તલવારથી લડાઈ કરનારો છે અને તેમની નઝર સમક્ષ શહાદત પામનારો છે.''*

(ભાગ - ૧૦, પ્ર. ૨, હ. ૪)

**(અનુસંધાન પાના નં. ૫ ઉપર)**

# ઈમામે ઝમાના (અ.સ.)ની જુમ્આના દિવસની ઝિયારતની સમજુતી

દર વર્ષની મુજબ આ વર્ષે પણ આપણે હઝરત હુજ્જત (અ.સ.)ને લગતી એક ઝિયારતની સમજુતી અને વિશ્લેષણને જોઇશું. આ વર્ષે જે ઝિયારતની પસંદગી કરવામાં આવી છે તે છે ઇમામે ઝમાના (અ.સ.)ની જુમ્આના દિવસે પઢવાની ઝિયારત. પરંતુ જુમ્આના દિવસની ઝિયારતની ચર્ચા શરુ કરતાં પહેલાં જુમ્આના દિવસની અમુક ફઝીલતોની ચર્ચા કરવી યોગ્ય ગણાશે.

**જુમ્આના દિવસની ફઝીલત :**

ઇસ્લામમાં જુમ્આના દિવસનું ઘણું મહત્વ છે. સામાન્ય રીતે બધા દિવસો અલ્લાહના જ છે પરંતુ જુમ્આનું એક ખાસ મહત્ત્વ અને સ્થાન છે.

(૧) ઇમામ કાઝિમ (અ.સ.) ફરમાવે છે :

*''જુમ્આના દિવસે અલ્લાહે નબીઓ અને વસીઓને પેદા કર્યા.''*

(બેહાર, ભાગ - ૧૫, પાના નં. ૨૨, નકલ અઝ બસાએરૂદ્દરજાત)

(૨) ઇમામ બાકિર (અ.સ.) ફરમાવે છે :

*''જુમ્આને જુમ્આ એટલા માટે કહેવામાં આવે છે કે અલ્લાહે જુમ્આના દિવસે તમામ મખ્લુકને ભેગી કરી જેથી તેઓની પાસેથી તૌહીદ, હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ની નબુવ્વત અને હઝરત અમીરૂલ મોઅમેનીન અલી બિન અબી તાલિબ (અ.સ.)ની વિલાયતનું વચન લે.*

(તહઝીબુલ એહકામ અઝ શયખ અત્તાઇફ અત્તુસી, ભાગ - ૩, પાના નં. ૩)

(૩) હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) ફરમાવે છે :

*''જુમ્આનો દિવસ ઇબાદતનો દિવસ છે. તેથી આ દિવસે અલ્લાહ અઝ્ઝ વ જલ્લની (વધુમાં વધુ) ઇબાદત કરો.''*

(બેહાર, ભાગ - ૫૯, પાના નં. ૧૮-૧૯)

(૪) ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે :

*''જુમ્આનો દિવસ મુસલમાનોની ઇદ છે અને આ ઇદ, ઇદુલફીત્ર અને ઇદુઝ્ઝોહાથી અફઝલ છે. ઇદોમાં અફઝલ ઇદ, ઇદે ગદીર છે જે ૧૮ ઝીલ્હજના આવે છે. તે પણ જુમ્આનો દિવસ હતો. અમારા કાએમ (અ.ત.ફ.શ.)નો ઝુહુર પણ જુમ્આના દિવસે થશે અને કયામત પણ જુમ્આના દિવસે બરપા થશે.*

(બેહાર, ભાગ - ૫૯, પાના નં. ૨૬)

(૫) હઝરત નબીએ અકરમ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

اَلْجُمُعَةُ سَيِّدُ الْاَيَّامِ۔

*''જુમ્આ બધા દિવસોનો સરદાર છે.''*

(બેહાર, ભાગ - ૪૦, પાના નં. ૪૭)

(૬) ઇમામ બાકિર (અ.સ.) ફરમાવે છે :

*''માહે રમઝાનના જુમ્આની ફઝીલત બીજા મહિનાઓના જુમ્આની સરખામણીમાં એવી છે જેવી હઝરત રસુલ (સ.અ.વ.)ની ફઝીલત બીજા રસુલો ઉપર છે.''*

(વસાએલુશ્શિયા, ભાગ - ૧૦, પાના નં. ૩૬૩)

(૭) જુમ્આનો દિવસ હઝરત વલીએ અસ્ર (અ.સ.) અરવાહોના ફીદા સાથે જોડાએલો છે. સકર બિન અબી દલફ ઇમામ અલી નકી (અ.સ.)ની પાસે એ સમયે હાજર થયા જ્યારે આપને મોતવક્કીલ અબ્બાસી (લા.અ.)એ કેદ કર્યા હતા.

સકરે પુછયું : ''મારા પેશ્વા અને માલિક! એક હદીસ પયગમ્બરે અકરમ (સ.અ.વ.)થી નકલ થઇ છે. પરંતુ હું તેનો અર્થ નથી જાણતો.''

ઇમામ (અ.સ.)એ સવાલ કર્યો :

*''તે કઇ હદીસ છે?''*

તેણે અરજ કરી : ''આ હદીસ

لا تُعَادُوا الاَيَّامَ فَتُعَادِيْكُمْ۔؟

*'દિવસોની સાથે દુશ્મની નહીં કરતા, નહીંતર તે તમારી દુશ્મની કરશે.'*

''આનો અર્થ શું થાય છે?''

ઇમામ અલી નકી (અ.સ.)એ ખુલાસો કરતા ફરમાવ્યું :

*''હા, જ્યાં સુધી આસમાન અને જમીન બાકી રહેશે ત્યાં સુધી આ હદીસમાંના દિવસોથી મુરાદ અમે છીએ. સાતમો દિવસ (શનિવાર) (થી મુરાદ) રસુલ (સ.અ.વ.) છે, વાહીદ (રવિવાર) થી મુરાદ હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) છે. અલ ઇસનૈન (સોમવાર)થી મુરાદ હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) છે. અસ્સલાસા (મંગળવાર)થી મુરાદ અલી બિન હુસૈન (અ.સ.), મોહમ્મદ બિન અલી (અ.સ.), અને જઅફર બિન મોહમ્મદ (અ.સ.) છે. અલ અરબઆ (બુધવાર)થી મુરાદ મુસા બિન જઅફર (અ.સ.), અલી બિન મુસા (અ.સ.), મોહમ્મદ બિન અલી (અ.સ.) અને હું (અલીયુનનકી (અ.સ.)), અલ ખમીસ (જુમેરાત)થી મુરાદ મારા પુત્ર હસન અસ્કરી (અ.સ.) છે અને જુમ્આથી મુરાદ મારા પૌત્ર (મહદી (અ.સ.)) છે કે જેમની આસપાસ હક અને હકવાળા સમુહો એકઠા થશે.*

આમ દિવસોનો અર્થ આ છે. આથી તેઓની દુશ્મની નહિં કરતા, નહીંતર આખેરતમાં તેઓ તમારાથી દુશ્મની કરશે.''

(બેહાર, ભાગ - ૧૦૨, પાના નં. ૨૧૦, નકલ અજ જમાલુલ ઉસ્બુઅ અઝ અસ્ સૈયદ બિન તાઉસ, પાના નં. ૨૫)

ઉપરોક્ત પ્રસ્તાવના પછી દોઆઓ અને ઝિયારતોને રાએજ કરનારા મહાન આલિમ સય્યદ બિન તાઉસ (રહ.)એ દિવસો પ્રમાણે મઅસુમો (અ.સ.)ની ઝિયારતો નકલ કરી છે. આ જ ઝિયારતોને મહાન હદીસકાર મરહુમ હાજ શયખ અબ્બાસ કુમ્મી (તાબ સર્રાહ)એ પોતાના અજોડ પ્રકાશન 'મફાતીહુલ જીનાન'માં પ્રસ્તુત કરી છે.

ઇમામે ઝમાના (અ.સ.)ની જુમ્આના દિવસની ઝિયારતની સમજુતિ :

(૧) اَلسَّلَامُ عَلَيْكَ يَا حُجَّةَ اللهِ فِيْ اَرْضِهٖ۔

*''સલામ થાય આપના પર, અય અલ્લાહની ધરતી પર તેની હુજ્જત.''*

શબ્દ 'સલામ' ઉપર 'અલ મુન્તઝર'ના અગાઉના અંકોમાં આ જ દોઆઓ અને ઝિયારતોની સમજુતી દરમ્યાન વિગતવાર ચર્ચા થઇ ચૂકી છે. તેથી અહિં માત્ર એટલું કહેવું પુરતું છે કે પોતાના ઇમામ (અ.સ.)ને મોમીનના સલામ, ઇમામ (અ.સ.)ની સલામતિ માટેની મોમીનની તમન્ના દર્શાવે છે. આ વાક્યમાં શબ્દ 'હુજ્જત' ઘણું મહત્ત્વ ધરાવે છે. 'હુજ્જત' એટલે દલીલ અથવા સાબિતી. તેનું બહુવચન 'હોજજ' છે. આ શબ્દ (હુજ્જત) કુરઆને મજીદમાં અનેક જગ્યાએ વપરાયો છે. જેમકે સુરએ બકરહની ૧૫૦મી આયત, સુરએ નિસાની ૧૬૫મી આયત અને સુરએ શુરાની ૧૫મી આયત, આ ત્રણેય જગ્યાએ આ જ અર્થમાં વપરાયો છે. જેમકે સુરએ નિસાની આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

رُسُلًا مُبَشِّرِيْنَ وَ مُنْذِرِيْنَ لِئَلَّا يَكُوْنَ لِلنَّاسِ عَلَى اللهِ حُجَّةٌ بَعْدَ الرُّسُلِ۔

*''અમે તેઓને રસુલ બનાવ્યા છે (તેમજ) ખુશખબરી આપનારા અને ડરાવનારા, જેથી કરીને રસુલોને મોકલ્યા પછી લોકોની પાસે અલ્લાહની સામે એક પણ દલીલ બાકી ન રહે.''*

જેવી રીતે બધા નબીઓ (અ.સ.) અને રસુલો (અ.સ.) અલ્લાહની હુજ્જતો હતા તેવી રીતે આપણા મઅસુમ ઇમામો (અ.સ.) પણ અલ્લાહની હુજ્જતો છે. એક રિવાયતમાં નબીઓ, વસીઓ અને ઇમામો (અ.સ.)ને 'હુજ્જતે જાહેરી' કહેવામાં આવ્યા છે. જ્યારે અક્કલને 'હુજ્જતે બાતિન' કહેવામાં આવી છે. આ હદીસ 'ખબરે ઇબ્ને અસ્સિક્કીત'ના નામથી જાણીતી છે. ઇબ્ને અસ્સિક્કીત વિશ્વસનીય શિયા અને ભાષાના નિષ્ણાંત હતા. તેમણે પોતાના ઝમાનાના ઇમામ હઝરત અલી બિન મુસા અર રેઝા (અ.સ.)ને પુછ્યું : ''અલ્લાહે નબીઓને જુદા જુદા મોઅજીઝા શા માટે આપ્યા હતા?''

જ્યારે ઇમામ (અ.સ.) જવાબ આપી ચૂક્યા ત્યારે ઇબ્ને અસ્સિક્કીતે સવાલ કર્યો : ''(અત્યારે નબીઓ (અ.સ.) તો નથી) તો પછી આજે દુનિયામાં અલ્લાહની હુજ્જત કોણ છે?''

ઇમામ (અ.સ.)એ ફરમાવ્યું : ''અક્લ. કારણ કે અક્લથી તમે સાબિત કરી શકો છો કે અલ્લાહનો સાચો પ્રતિનિધિ કોણ છે. અને પછી તમે તેને માનો અને અક્લ વડે તમે સાબિત કરી શકો છો કે કોણ ખોટો દાવો કરે છે. અને પછી તમે તેને જુઠલાવો.''

(કાફી, ભાગ - ૧, પાના નં. ૨૪, બેહાર, ભાગ - ૧, પાના નં. ૧૦૫, હ. ૧)

આ હદીસ પરથી સ્પષ્ટ થઇ જાય છે કે ઇમામ (અ.સ.) 'હુજ્જતે જાહેરી' છે અને 'હુજ્જતે બાતેની' અક્લ છે. તેનો અર્થ એ થયો કે જે વ્યક્તિ અક્કલ અને સમજશક્તિ ધરાવતો હશે તે નિશ્ચિત રીતે ઝમાનાના ઇમામ (અ.સ.)ની ઇમામતને માનશે. જેઓ ઇમામે ઝમાના (અ.સ.)ના શિયા હશે તેઓ જરૂર અક્લ અને સમજ શક્તિ ધરાવતા હશે. માત્ર તે લોકો કે જેમની અક્લો ઉપર પરદા પડી ચૂક્યા હશે તેઓ જ ઇમામે હક (અ.સ.)નો ઇન્કાર કરશે. તેથી ઇમામ (અ.સ.) અલ્લાહની એ હુજ્જત છે કે જેમના પવિત્ર અસ્તિત્વ પછી અલ્લાહની સામે લોકોનું કોઇ બહાનું રહેશે નહિ.

## એક મહત્ત્વની વાત :

વાક્યમાં શબ્દ اَرْضِهِનો અર્થ 'અલ્લાહની જમીન' છે. સર્વનામ 'ہِ' અલ્લાહની તરફ પલ્ટે છે. આથી સર્વનામ 'ہِ' અલ્લાહની તરફ ઇશારો કરી રહ્યું છે. પરંતુ જમીનનો અર્થ માત્ર આજ જમીન અથવા આ પૃથ્વી જ મુરાદ નથી જેને આપણે જોઇ રહ્યા છીએ પરંતુ તેનાથી મુરાદ સઘળી આલમે ઇમકાન છે. તેની દલીલ નીચે દર્શાવેલ હદીસ છે.

ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે :

''બેશક અલ્લાહ અઝ્ઝ વ જલ્લ માટે બાર હજાર દુનિયાઓ છે. તેમાંની દરેક દુનિયા સાત આસમાનો અને સાત જમીનોથી મોટી છે. દરેક કાએનાત એવું ગુમાન ધરાવે છે કે અલ્લાહ અઝ્ઝ વ જલ્લની પાસે બીજી કોઇ કાએનાત નથી અને (તે બધી કાએનાતો) તેના ઉપર હું (અર્થાત : ઇમામે વક્ત (અ.સ.)) અલ્લાહની હુજ્જત છું.''

(તફસીરે નુરુસ્સકલૈન, ભાગ - ૧, પાના નં. ૧૬, હ. ૭૨, કિતાબુલ ખેસાલમાંથી)

## દુનિયા અલ્લાહની હુજ્જતથી ખાલી નથી રહી શક્તી.

આપણા શીયાઓનો આ સર્વ સ્વિકાર્ય અકીદો છે કે દુનિયા અલ્લાહની હુજ્જતની વગર ખાલી નથી રહી શકતી. એક પળ માટે પણ અલ્લાહની હુજ્જત ન હોય તો આખી દુનિયા, બલ્કે સમગ્ર આલમે ઇમકાન નિસ્તો નાબુદ થઇ જશે.

ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે.

لَوْ بَقِیَ الْاَرْضُ بِغَیْرِ اِمَامٍ لَسَاخَتْ.

*''અગર દુનિયા અલ્લાહની હુજ્જત વગરની થઇ જાય તો નિસ્તો નાબુદ થઇ જશે.''*

(અલ કાફી, ભાગ - ૧, કિતાબુલ હુજ્જત)

આ હદીસની મૌલાએ કાએનાત (અ.સ.)એ આ રીતે સ્પષ્ટતા કરી છે.

*''અય અલ્લાહ! આ દુનિયામાં તારી હુજ્જતોમાંથી એકના પછી બીજાનું હોવું જરૂરી છે. જેથી તે લોકોની તારા દીન તરફ હિદાયત કરે અને તારા ઇલ્મની તેઓને તાલીમ આપે જેથી તારા વસીઓ (અ.સ.)ને માનનારાઓ વિખરાય ન જાય. (તારી હુજ્જત દરેક હાલતમાં જરૂરી છે) ભલે પછી તે જાહેર હોય અને તેમની તાબેદારી કરવામાં ન આવતી હોય અથવા તો છુપાએલી હોય, ભયમાં હોય, (પરંતુ) તેમના ઝુહુરની આશા હોય. જો તેમની શખ્સીયત બાતીલની હુકુમતમાં લોકોની નજરોથી ગાએબ હોય, તો તેમના તે ગાળા દરમ્યાન તેમના ઇલ્મનો ફેલાવો તેમનાથી ગાએબ નહીં હશે તેમના આદાબ મોઅમીનોના દિલોમાં સ્થાપિત થએલા હશે. અને તેઓ તેની ઉપર અમલ કરનારા હશે જે બાબતથી જૂઠલાવનારા લોકો ડરતા હશે અને હદ ઓળંગનારાઓ અને સરકશ લોકો ઇન્કાર કરતા હશે, તે બાબત તેઓ જાણતા હશે (ઇમામના) કલામ કે જેની કિંમત આંકી નથી શકાતી, જે કોઇ તેમને સાંભળશે તે તેમને સમજશે અને તેમને ઓળખશે અને તેમના પર ઇમાન લાવશે અને તેમને અનુસરશે અને તેમના રસ્તા પર ચાલશે અને તેની સુધારણા થશે.''*

**(અનુસંધાન પાના નં. ૫ ઉપર)**

# ગયબતનો ઝમાનો - કસોટીનો યુગ

**પ્રસ્તાવના :**

હાલમાં આપણે જે યુગમાંથી પસાર થઇ રહ્યા છીએ તે મોટી ગયબત એટલે કે 'ગયબતે કુબરા'નો યુગ છે. આ તે યુગ છે જેમાં હઝરત હુજ્જત (અ.સ.)ના કોઇ ખાસ નાએબ નથી, જેમના થકી ઇમામ (અ.સ.)નો સંપર્ક સાધી શકાય અને આપણા સવાલો રજુ કરીને આપ (અ.સ.) પાસેથી જવાબો મેળવી શકાય. આ યુગ ત્યાં સુધી ચાલુ રહેશે જ્યાં સુધી ખુદાવન્દે આલમ હઝરત મહદી (અ.સ.)ને ઝુહુરની પરવાનગી ન આપે. જ્યારે આપ (અ.સ.) અલ્લાહના હુકમથી જાહેર થશે ત્યારે લોકોને તેમની ઝિયારતની ખુશનસીબી હાંસિલ થશે. તેમની પવિત્ર સેવામાં હાજર રહેવાનું બહુમાન પ્રાપ્ત થશે. જ્યાં સુધી અલ્લાહ ઝુહુરની પરવાનગી નહિં આપે ત્યાં સુધી આ 'ગયબતે કુબરા'નો યુગ ચાલુ રહેશે. આ યુગ કસોટી અને પરીક્ષાનો યુગ છે. આ યુગની અમુક લાક્ષણિકતાઓ છે.

## ૧. સંપર્ક વિહોણા :

'ગયબતે સુગરા'માં પણ ઇમામે અસ્ર (અ.સ) સામાન્ય લોકોની નજરોથી છુપાએલા હતા પરંતુ આપના ખાસ નાએબો થકી સંપર્ક સાધી શકાતો હતો. લોકો આ ખાસ નાએબો પાસે પોતાના પ્રશ્નો લઇને જતા અને તેઓ ઇમામ (અ.સ.)ની પરવાનગીથી ઇમામ (અ.સ.)ની ખિદમતમાં પ્રશ્નો રજુ કરતા તથા ઇમામ (અ.સ.) તેના જવાબો આપતા. શાઅબાન, હિ. સન. ૩૨૯ના ચોથા નાએબ જનાબે અલી બિન મોહમ્મદ સમરીના મૃત્યુ પછી આ સિલસિલો કપાઇ ગયો અને ગયબતે કુબરાની શરૂઆત થઇ. જેમાં લોકોનો ઇમામ (અ.સ.)ની સાથેનો સીધો સંપર્ક કપાઇ ગયો. ઇમામે ઝમાના (અ.સ.) આપણી નજરોથી ઓજલ છે પણ એટલું યકીન છે કે તેઓ જીવંત છે, આ જમીન ઉપર છે અને લોકોની વચ્ચે આવ-જા કરે છે પરંતુ લોકોને આપના ઠેકાણાની જાણ નથી. આ સમયે ઇમામે ઝમાના (અ.સ.)થી દૂરી એ મોઅમીનો માટે સૌથી મોટી મુસીબત છે.

## ૨. ઝાલિમોની હુકુમત :

આ જમાનાની એક ખાસ મુસીબત એ છે કે આ સમયે દુનિયાના કોઇપણ ખૂણામાં ઇસ્લામના ન્યાયપૂર્ણ, ઇન્સાફ પ્રિય અને જીવન મહેકી ઉઠે તેવા કાયદાઓ સંપૂર્ણ પણે અમલમાં નથી. દરેક બાજુ અત્યાચારી અને અજ્ઞાન માણસોએ બનાવેલા અન્યાય ભર્યા કાયદાઓ અમલમાં છે અને રાજ્ય સત્તા ઉપર ઝાલિમો બિરાજમાન છે. અત્યાચારી કાયદાઓ અને ઝાલિમ હુકુમતોના કારણે આખી દુનિયામાં અત્યાચાર ફેલાઇ ગયો છે. ઝુલ્મને ઝુલ્મ વડે મિટાવવાની જેટલી કોશીશ કરવામાં આવે છે એટલો જ ઝુલ્મ વધતો જાય છે.

## ૩. પરીક્ષા અને કસોટી :

આ સમય પરીક્ષા અને કસોટીનો છે. તેમાં જમાનાની સૌથી મોટી કસોટી એ છે કે આપણા ઝમાનાના ઇમામ (અ.સ.) આપણી આંખોથી ઓજલ છે અને ઝાલિમ હુકુમતોનું શાસન ચાલી રહ્યું છે. ચારે તરફ ઝુલ્મ અને અત્યાચારનો અંધકાર છવાએલો છે અને દરેક ડગલે ને પગલે લપસી પડવાનો ભય છે. તેમાંથી ત્રણ બાબતો એવી છે કે જેમાં લપસી પડવાનો ભય જબરદસ્ત છે. એવું લપસી પડવાનું જેના પછી વિનાશ અને કયામતનો દર્દનાક અઝાબ છે.

### ક. ભૌતિક લગાવ :

ભૌતિકવાદ અને ભૌતિક ઇચ્છાઓ પૂરી કરવામાં દરેક વ્યક્તિ કાર્યરત છે. જ્યાં સુધી તે તેની ઇચ્છાઓ પૂરી નથી કરી લેતો ત્યાં સુધી તેને ચૈન પડતું નથી અને તકલીફ એ છે કે હજી પહેલી ઇચ્છા પુરી થાય તે પહેલાં બીજી ઇચ્છા ઉભરાઇને સામે આવે છે. આ ઇચ્છાઓ પૂરી કરવા માટે માનવી જાએઝ-નાજાએઝ અને હલાલ-હરામની

પરવા નથી કરતો. આની સૌપ્રથમ અસર એ થાય છે કે ઈસ્લામના નિયમોનું મહત્ત્વ ધીરે ધીરે ઘટતુ જાય છે, પછી તેની મર્યાદાઓની અવગણના થવા લાગે છે પછી તેનો વિરોધ થવા લાગે છે. છેવટે પરિસ્થિતિ ત્યાં સુધી પહોંચે છે કે ઈન્સાન સંપૂર્ણપણે દીનથી વિમુખ થઇ જાય છે.

**ખ. માનસિક તાણ :**

આજના સમયનો ઇન્સાન અને ખાસ કરીને મુસલમાન જુદા જુદા માનસિક તણાવમાં સપડાએલો છે. ડગલેને પગલે એટલી મુશ્કેલીઓ અને એટલી શંકા કુશંકાઓ છે કે ઈમાનનું રક્ષણ એક મોટી સમસ્યા છે. આવા સમયે ઈમાનનું રક્ષણ કરવા માટે ભરપૂર કુરબાનીની જરૂર છે.

**ગ. વાંધાઓ :**

ઈમામે ઝમાના (અ.સ.)ની ગયબત જેટલી લાંબી થતી જાય છે, ઈસ્લામ અને એહલેબયત (અ.સ.)ના દુશ્મનો તરફથી વાંધાઓમાં વધારો થતો જાય છે. ભૌતિક વલણ આપણને ઈમામ (અ.સ.)થી દૂર કરી રહ્યું છે.

જુદા જુદા પ્રકારના વિરોધો ઉભરી રહ્યા છે તથા જુના વિરોધોને નવા સ્વરૂપે રજુ કરવામાં આવી રહ્યા છે. આજની વ્યસ્ત જીંદગીમાં લોકો પાસે એટલો સમય નથી કે તેઓ આ વિરોધોના સાચા જવાબો કિતાબોમાંથી અથવા વિશ્વાસપાત્ર આલીમ પાસેથી મેળવી શકે.

પરિણામ એ આવે છે કે ગઇ કાલ સુધી જે વાત વાંધાના સ્વરૂપે હતી તે ધીરે - ધીરે શંકાનું સ્વરુપ ધારણ કરી લે છે તથા અકીદા ઉપર અસર થવા લાગે છે. તે ઈમામ કે જેમની ઈમામતનો અકીદો જીંદગીની રૂહ અને દીનની જાન છે તે ઝીંદગીમાં ગૌણ બની જાય છે. અને જેમ જેમ આ સમસ્યાઓ વધતી જાય છે તેમ તેમ આપણું ઈમ્તેહાન વધુને વધુ સખ્ત થતું જાય છે. એહલેબયત (અ.સ.)ના દીન ઉપર અડગ રહેવું મુશ્કીલ થઇ જાય છે. રિવાયતોમાં આ યુગને પરિક્ષા અને કસોટીનો યુગ કહેવામાં આવ્યો છે. આ એવા સ્થળો છે જ્યાં ઇન્સાન ડગમગી શકે છે. અગર દરેક પળે ખુદા અને રસુલથી મદદ તલબ કરવામાં ન આવે અને પનાહ મેળવવામાં ન આવે તો રોજબરોજ વધતા જતાં માનસીક તણાવ અને સામાજીક દબાણ હેઠળ એક વખત લપસી જાય તો આખેરત બરબાદ થઇ શકે છે. રિવાયતોમાં આ ગયબતે કુબરાના ઝમાનાને જુદી જુદી રીતે બયાન કરવામાં આવ્યો છે. રિવાયતોમાં જે પરિસ્થિતિ દર્શાવવામાં આવી છે તેને અમુક શિર્ષકો નીચે બયાન કરવાની તક લઈએ છીએ. શિયા રિવાયતોની સાથે એહલે સુન્નતની રિવાયતોનો ઉલ્લેખ પણ કરશું.

## ૧. ઝુલ્મ અને અત્યાચારથી દુનિયાનું ભરાઇ જવું.

શીયા અને એહલે સુન્નત બંનેએ આ વિષય ઉપર ઘણી બધી રિવાયતો નકલ કરી છે.

''તે (ઈમામ મહદી અ.સ.) દુનિયાને ન્યાય અને ઈન્સાફથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે અત્યાચારોથી ભરાએલી હશે.''

ઝુલ્મનો અર્થ માત્ર એ નથી કે કોઇ બીજાને વગર કારણે ઇજા પહોંચાડે કે કોઇ યતીમને તમાચો મારે. ઝુલ્મનો એક વિશાળ અર્થ છે કે ન્યાય અને ઈન્સાફના માર્ગથી ચલિત થઇ જવું, સીધા માર્ગ (સેરાતલ મુસ્તકિમ)થી ફરી જવું, તૌહિદના સંદર્ભમાં શિર્ક એ ઝુલ્મ છે, નબુવ્વતના સંદર્ભમાં કુફ્રએ ઝુલ્મ છે, ઈમામતના સંદર્ભમાં મુનાફીકપણુંએ ઝુલ્મ છે. આ બધા લોકો જે એક યા બીજા પ્રકારે તૌહિદ, નબુવ્વત અને ઈમામતથી ફરી ગયા છે તે ઝુલ્મમાં સપડાએલા છે. દુઃખ તો એ વાતનું છે કે આજે દુનિયાના મોટા ભાગના લોકો સાચા માર્ગથી હટી ગયા છે અને દુનિયા ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી છે. આ તો અકીદા અને માન્યતાની વાત છે જ્યાં સુધી અમલી ઝુલ્મ, અત્યાચાર અને અન્યાયની વાત છે તો એ એક એવી હકીકત છે જેનો એહસાસ દરેકને થઇ રહ્યો છે. તેના માટે કોઇ સાબિતી કે કોઇ બનાવનું વર્ણન કરવાની જરૂરત નથી. આથી ઈલ્મી, અમલી, વ્યક્તિગત, સામુહિક, રાજકીય કે આર્થિક દરેક ક્ષેત્રમાં ઝુલ્મ જ ઝુલ્મ છે.

ઈન્શાઅલ્લાહ, જ્યારે હઝરત વલીએ અસ્ર (અ.સ.) તશરીફ લાવશે ત્યારે આ દુનિયા દરેક પ્રકારના

ઝુલ્મ અને અત્યાચારથી પાક થઇ જશે. ચારે તરફ ન્યાય અને ઇન્સાફ હશે અને અત્યાચારનું નામો નિશાન પણ નહિં હોય.

## ૨. ફિત્નાઓ માથું ઉંચકશે :

હઝરત ઇમામ મોહમ્મદ તકી (અ.સ.) ફરમાવે છે :

*''કાએમ (અ.સ.)નો ઝુહુર નહિં થાય પણ એ સમય કે જ્યારે લોકો ઉપર સખત ભયનો સાયો હશે. ધરતીકંપો, ફિત્નાઓ અને બલાઓ ચારે બાજુએથી લોકોને ઘેરી લીધેલ હશે.''*

(ગયબતે નોઅમાની, પા. ૨૩૫)

ઇમામ જાઅફરે સાદિક (અ.સ.)એ ફરમાવ્યું :

*''આ ધરતીમાં ફીત્નાઓ હશે અને ગુમરાહીઓની બિહામણી પરિસ્થિતિ હશે.''*

(ગયબતે નોઅમાની, પા. ૧૫૩)

એહલે સુન્નતમાં પણ આ પ્રકારની રિવાયતો જોવા મળે છે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું :

*''અનકરીબ એવો ઝમાનો આવશે, કામો ઓછા થઇ જશે, અહમ અને સ્વાર્થ વધી જશે, ઇર્ષ્યા અને વેર વૃત્તિ સામાન્ય થઇ જશે અને ફિત્નાઓ તથા બળવો માથુ ઉંચકશે.''*

(સહીહ બુખારી ૧૬૧-૯)

*''હું તમારા ઘરોમાં ફીત્નાઓની જગ્યા જોઇ રહ્યો છું, જેવી રીતે તમારા ઘરોમાં વરસાદ વરસતો જોઇ રહ્યો છું.''*

(સહીહ મુસ્લિમ, ૧૬૮/૮)

અરબી ભાષામાં 'ફીત્ના' શબ્દ જુદા જુદા અર્થમાં વપરાય છે.

### (ક) કસોટી અને પરિક્ષા

કુરઆને કરીમમાં ઇરશાદ છે.

اَحَسِبَ النَّاسُ اَنۡ يُّتۡرَكُوۡۤا

اَنۡ يَّقُوۡلُوۡۤا اٰمَنَّا وَ هُمۡ لَا يُفۡتَنُوۡنَ

*''શું લોકો એમ માને છે કે તેઓના એમ કહેવાથી કે અમે ઇમાન લઇ આવ્યા, તેઓને છોડી દેવામાં આવશે અને તેઓની કસોટી નહિં થાય.''*

(સુરએ અન્કબુત, આયત : ૨)

ઇમામ મુસા કાઝીમ (અ.સ.) આ આયતના બારામાં ફરમાવે છે :

يُفۡتَنُوۡنَ كما يُفۡتَنُ الذَّهبُ

*''તેઓની પરખ એ રીતે કરવામાં આવશે જે રીતે સોનાની પરખ કરવામાં આવે છે.''* તે પછી ફરમાવ્યું : *''તેઓ એ રીતે ખરા અને નિર્મળ થઇ જશે જે રીતે સોનુ ખરૂ થઇ જાય છે.''*

(ગયબતે નોઅમાની-૨૦૨)

સોનાને શુદ્ધ કરવા માટે તેને અગ્નિમાં તપાવવું પડે છે અને કસોટી કરવામાં આવે છે. ફીત્નાનો એક અર્થ એ છે કે આ યુગમાં તમારી પરિક્ષા કરવામાં આવશે, તકલીફોની આગમાં તપાવીને તમને નિર્મળ અને ખરા કરવામાં આવશે તથા સ્પષ્ટ છે કે આ કોઇ સહેલું કામ નથી.

### (ખ) ગુમરાહી અને ગુનાહ :

'ફાતીન' તેને કહે છે જે સાચા માર્ગથી હટી ગયો હોય તથા ગુમરાહ થઇ ગયો હોય. તેથી શયતાનનું એક નામ 'ફાતીન' પણ છે. સુરએ બની ઇસરાઇલની ૭૩મી આયત માં ઇરશાદ થાય છે.

આ શબ્દ કુરઆને કરીમમાં પણ આ અર્થમાં વપરાયો છે.

وَ اِنۡ كَادُوۡا لَيَفۡتِنُوۡنَكَ

عَنِ الَّذِىۡۤ اَوۡحَيۡنَاۤ اِلَيۡكَ

*''આ લોકો (કાફરો) આપને એ માર્ગથી હટાવી દેવા માગે છે જેની અમે આપની તરફ વહી કરી છે.''*

અગર ફીત્નાને ગુમરાહીના અર્થમાં લેવામાં આવે તો રિવાયતોનો અર્થ એમ થશે કે આખર જમાનામાં એવા બનાવો બનશે જેના કારણે લોકો સાચા માર્ગ - સેરાતે મુસ્તકીમથી હટી જશે.

### (ગ) ખૂના મરકી :

સુરએ નિસાની આયત નં. ૧૦૧માં છે

اِنۡ خِفۡتُمۡ اَنۡ يَّفۡتِنَكُمُ الَّذِيۡنَ كَفَرُوۡا

*''તમને એ વાતનો ભય છે કે તે લોકો તમને કત્લ કરશે જેઓ કાફર થઇ ગયા છે.''*

દુનિયાની વર્તમાન સ્થિતિ એ વાતની સાક્ષી પૂરે છે કે ચારે તરફ આંતકવાદીઓના ભયનું વાતાવરણ છવાએલું છે. ચારે તરફ ખૂના મરકી સામાન્ય થઇ ગઇ છે.

અગર થોડો પણ વિચાર કરવામાં આવે તો આ બધા અર્થો તેનાથી મુરાદ હોય શકે છે. આખર જમાનાની હાલત એવી હશે કે જ્યાં લોકો સાચા મઝહબથી વિમુખ થઇ રહ્યા હશે, દીનથી નફરત હશે, શાંતિ અને સલામતિ ચાલી જશે, ખુના મરકી સામાન્ય બની જશે. આવા સંજોગોમાં સાચા દીન ઉપર અડગ રહેવું તે ખરેખરી કસોટી અને સખત પરિક્ષા છે.

## ૩. મુસીબતો અને આફતો :

રિવાયતોમાં આખર ઝમાનાની વિશેષતાઓમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે તે ઝમાનામાં બહુજ મુસીબતો હશે લોકો મુશ્કેલીઓ અને આફતોના કારણે મોતની તમન્ના કરશે.

ઇમામ બાકિર (અ.સ.)એ એક લાંબી હદીસમાં ફરમાવ્યું છે :

*''હઝરત કાએમ (અ.સ.)નો ઝુહુર એ જમાનામાં થશે જ્યારે લોકોમાં સખત ભય વ્યાપેલો હશે, ધરતીકંપો થશે, ફીત્નાઓ અને બલાઓએ લોકોને ઘેરી લીધેલ હશે, તેના પહેલા પ્લેગ ફેલાશે, આરબોની વચ્ચે ભીષણ લડાઇ થશે, લોકોમાં જબરદસ્ત મતભેદ હશે, દીન વિખરાઇ જશે તથા પરિસ્થિતિઓમાં ફેરફાર અને પરિવર્તન આવશે. એટલે સુધી કે લોકો સવાર-સાંજ મોતની તમન્ના કરશે અને લોકો તરફથી પડતી મુશ્કેલીઓ અને તકલીફોના કારણે આવુ હશે. લોકો એક બીજાને ખાઇ રહ્યા હશે.''*

(બેહાર, ભાગ - ૫૨, પાના નં. ૨૩૧)

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું :

*''કયામત ત્યાં સુધી નહિં આવે જ્યાં સુધી માણસ કોઇ કબરની પાસેથી પસાર થશે તો કહેશે કે અય કાશ કે કદાચ હું આની જગ્યાએ હોત.''*

(સહીહ મુસ્લિમ, ભાગ - ૮, પાના નં. ૧૮૨)

માનવી મોતની તમન્ના ત્યારેજ કરે છે જ્યારે ચારે તરફ મુસીબતોજ મુસીબતો હોય. આખો સમાજ ગુમરાહીનો શિકાર હોય. હાલમાં દુનિયા જે સખ્ત બલા અને મુસીબતમાં ઘેરાયેલી છે તે અમુક માથાભારે, ઝાલિમ, સિતમગર, દયાહીન, સ્વાર્થી, ઘમંડી, હૈવાની સિફત ધરાવતા, શયતાની ખસલત ધરાવતા, ઇન્સાનના રુપમાં હૈવાની આદતો ધરાવતા શખ્સો દ્વારા કરવામાં આવતાં ઝુલ્મો છે. જેઓ આખી દુનિયા પર જુદા જુદા બહાનાઓ હેઠળ તુટી રહ્યા છે. દરરોજ હલાક કરી નાખે તેવા શસ્ત્રોની શોધ થઇ રહી છે અને નવા નવા જીવલેણ હથિયારોનું ઉત્પાદન થઇ રહ્યું છે. દરેક વખતે એક નવા જ અંદાઝથી આતંકવાદ માથુ ઉંચકી રહ્યો છે. અગર થોડો વિચાર કરવામાં આવે તો એવું લાગે છે કે ન જાણે ક્યારે આ દુનિયા દારૂગોળાના ઢગલામાં બદલાઇ જશે.

આશ્ચર્યની વાત તો એ છે કે જેની પાસે માનવીને સૌથી વધુ તબાહ અને બરબાદ કરવાના સાધનો છે, જેનો મોટા ભાગનો વેપાર શસ્ત્ર સામગ્રીનો છે, એ જ માનવતાની હમદર્દીના ઢોલ વગાડી રહ્યા છે. એક બાજુથી તેઓ આતંકવાદીઓને ઉંચી કિંમતે શસ્ત્રો વહેંચીને પોતાનો ધંધો વિકસાવી રહ્યા છે જ્યારે બીજી બાજુથી આતંકવાદીઓનો વિરોધ પણ કરી રહ્યા છે.

જો કોઇ ચીઝ ઇન્સાનને સુકુન અને ધરપત આપી શકે છે તો તે છે હઝરત ઇમામ મહદી (અ.સ.)ના ઝુહુરનો અકીદો. આ અકીદો ઇન્સાનને સૌથી કપરા સંજોગોમાં પણ દીન ઉપર અડગ રહેવાની તાકત તથા ઉત્સાહ આપે છે.

## ૪. હયરત અને પરેશાની :

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ ફરમાવ્યું :

*''તેઓ માટે હયરત અને ગયબત છે, જેમાં અમૂક લોકો ગુમરાહ થશે અને અમૂક હિદાયત મેળવશે.''*

(કમાલુદ્દીન : પાના નં. ૨૮૯)

ઇમામે ઝમાના (અ.સ.)ના ગાએબ રહેવાથી લોકો હયરાન અને પરેશાન થશે. આ હયરત અને પરેશાની આ મુજબ હશે.

### (ક) અકીદાઓમાં હયરત હશેઃ

અજ્ઞાન અને ઇસ્લામીક શિક્ષણથી અજાણ લોકો જુદા જુદા વિરોધો અને શંકાઓથી હયરાન હશે.

**(ખ) ઈમામ (અ.સ.)ના બારામાં અચંબો હશેઃ**

લાંબી ગયબતના કારણે લોકો હૈરાન હશે. ઈમામ ક્યાં છે? કેમ છે? કેમ નથી આવતા? સંજોગોને બદલતા કેમ નથી? વિગેરે.

**(ગ) માર્ગદર્શકના બારામાં પરેશાની હશેઃ**

કોઇ એવા માર્ગદર્શક નહિં હોય જેના માર્ગદર્શન ઉપર સૌ સહમત હોય. તે સમયે ઘણા બધા રેહબરોનું હોવું લોકોને વધુ પરેશાન કરી દેશે.

## ૫. સખત મતભેદ :

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની હદીસ છે.

*''હું તમને મહદી (અ.સ.)ની ખુશખબરી આપી રહ્યો છું જે મારી ઉમ્મતમાં જાહેર થશે. જ્યારે લોકો એક બીજા સાથે સખત મતભેદ અને ધરતીકંપોના શિકાર હશે તે દુનિયાને ન્યાય અને ઈન્સાફથી ભરી દેશે.''*

(ગયબતે શયખે તુસી, ૧૧૧)

હઝરત ઈમામ બાકિર (અ.સ.)એ આ જમાનાની ખાસીયતો આ રીતે બયાન ફરમાવી છે :

*''લોકોમાં સખત મતભેદ હશે, દીન વિખરાઈ જશે, પરિસ્થિતિમાં ઉથલ પાથલ થશે.''*

(ગયબતે નોઅમાની - ૨૩૫)

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું :

*''નજીકમાં જ ફીત્ના, ફાટફૂટ અને મતભેદો જાહેર થશે.''*

(સોનને ઇબ્ને માજા-૨, ૧૩૧૦)

આં હઝરત (સ.અ.વ.)એ આ પણ ફરમાવ્યું :

*''હું મારી ઉમ્મતના બારામાં જેનાથી ડરી રહ્યો છું તે ગુમરાહ કરનારા આગેવાનો છે.''*

(સોનને ઇબ્ને માજા, ભાગ - ૨, પાના નં. ૧૩૦૪)

વિચારશ્રેણીમાં મતભેદ અને અકીદામાં ભાગલા એ ઝુલ્મ અને ગુમરાહીનું સ્પષ્ટ સ્વરૂપ છે. આ એવી હકીકત છે કે જે આપણે જીંદગીના દરેક ભાગમાં બહુ ખરાબ રીતે જોઇ રહ્યા છીએ. ધાર્મિક, રાજકીય, સામૂહિક, આર્થિક વિગેરે. આ મતભેદો અને ફાટફૂટે બધાને એવી રીતે ઘેરી લીધેલ છે કે ચારે તરફ લોકો એક બીજા સાથે ઝઘડી રહ્યા છે અને ખૂના મરકી ફેલાઇ રહી છે. ફીત્ના ફસાદનું બજાર ઉભરાય રહ્યું છે.

દરેક યુગમાં એવા લોકો હોય છે જે સમાજને ખોટા માર્ગે દોરે છે. રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાતથી લઇને આજ સુધી આ ક્રમ ચાલી રહ્યો છે. આજે પણ દુનિયાના ચાહક અને આખેરતથી અજાણ એવા લોકોઓ મળી જશે જે લોકોને કાદીયાની અને બહાઇ જેવા જુઠ્ઠા મઝહબની તરફ આમંત્રણ આપી રહ્યા છે. આ ઉપરાંત એક જ વિચારધારામાં જુદી જુદી વ્યક્તિઓ જોવા મળે છે જે પોતપોતાના અભિપ્રાયો વ્યક્ત કરીને કૌમમાં સખત મતભેદ ઉભો કરીને કૌમને જુદા જુદા સમૂહોમાં ભાગલા પાડીને કૌમને નબળી બનાવી રહ્યા છે અને તેમને મૂળ તથા જરુરી મસઅલાઓથી ફેરવીને તેમનો વિકાસ રોકી રહ્યા છે. બાતિલ મઝહબો તરક્કી કરી રહ્યા છે જ્યારે આપણે અંદરો અંદરના મતભેદોનો શિકાર છીએ.

## (૬) હઝરત વલીએ અસ્ર (અ.સ.)ના બારામાં મતભેદ :

હઝરત ઈમામ બાકીર (અ.સ.)એ હઝરત વલીએ અસ્ર (અ.સ.)ની બીજા નબીઓ સાથેની સરખામણી બયાન કરતા ફરમાવ્યુંઃ

*''તે મતભેદ જ. ઇસા (અ.સ.)ની જેમ છે. અમૂક લોકો કહેશે કે તેઓ હજી પૈદા જ નથી થયા, અમૂક કહેશે કે પૈદા થયા હતા પરંતુ મૃત્યુ પામ્યા અને અમૂક કહેશે કે કત્લ કરી દેવામાં આવ્યા.''*

(કમાલુદ્દીન : ૩૨૭)

ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે :

*''ખુદાની કસમ! તમારા ઈમામ લાંબા સમય સુધી તમારી નજરોથી ગાએબ રહેશે. તે જમાનામાં તમારી પરિક્ષા અને કસોટી થશે. અહિંયા સુધી કે અમૂક લોકો કહેશે કે તેઓ મૃત્યુ પામ્યા, નાશ પામ્યા, કોઇ ગુફામાં ચાલ્યા ગયા. જ્યારે મોઅમીનોની આંખો તેમના માટે આંસુ સારતી હશે.''*

(કમાલુદ્દીન, ૩૪૭)

આ વાત ઉપર તો ઇસ્લામના બધા ફીરકાઓ સર્વસંમત છે કે આખર જમાનામાં રસુલે ખુદા (સ.અ.વ.)ના વંશમાંથી એક વ્યક્તિ જાહેર થશે જેનો લકબ મહદી (અ.સ.) હશે. તેમનું નામ રસુલે ખુદા (સ.અ.વ.)નું નામ હશે. તેઓ દુનિયાને અદ્‌લ અને

ઈન્સાફથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે. પરંતુ આ બાબતમાં મતભેદ છે કે તે જનાબે ફાતેમા (સ.અ.)ના વંશમાંથી હશે કે બીજા કોઇના વંશમાંથી, તે ઇમામ હસન (અ.સ.)ની ઔલાદમાંથી છે કે ઇમામ હુસૈન (અ.સ.)ની ઔલાદમાંથી. તે પૈદા થઇ ચૂક્યા છે કે પૈદા થશે. જો પૈદા થઇ ચૂક્યા છે તો શું હજી સુધી જીવંત છે કે મૃત્યુ પામ્યા. જો જીવંત છે તો ક્યાં છે અને ક્યારે આવશે?

આ બધા વિવાદોનું કારણ એ છે કે દુનિયાએ રસુલે ખુદા (સ.અ.વ.)ના હુકમ ઉપર અમલ નથી કર્યો. તેમની ખૂબજ વિશ્વાસપાત્ર હદીસ છે :

*''હું તમારા વચ્ચે બે મૂલ્યવાન વસ્તુઓ છોડીને જઇ રહ્યો છું. એક અલ્લાહની કિતાબ કુરઆન અને બીજી મારી એહલેબયત. જ્યાં સુધી તમે આ બંનેને વળગી રહેશો ત્યાં સુધી ગુમરાહ નહિં થાવ અને આ બન્ને એક બીજાથી ક્યારેય જુદા નહિં થાય, ત્યાં સુધી કે હવ્ઝે કવસર ઉપર મારી સાથે મુલાકાત ન કરી લે.''*

કારણકે મોટા - ભાગની ઉમ્મત એહલેબયત (અ.સ.)ના દરથી વળગી રહી નહિં અને તેઓની પાસેથી દીની તાલીમ મેળવી નહિં, તેથી સખત મતભેદનો શિકાર બની ગઇ, અને જ્યાં સુધી આ દુનિયા એહલેબયત (અ.સ.)ના દર પર નહિં આવે ત્યાં સુધી આ જ રીતે મતભેદોનો શિકાર રહેશે.

## ૭. ગુમરાહ હાકીમો :

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને જ્યારે હઝરત ઇમામ મહદી (અ.સ)ના ઝુહુર સંબંધમાં પુછવામાં આવ્યું ત્યારે તેમણે ફરમાવ્યું :

*''ખુદાવન્દે આલમે મારા ઉપર વહી કરી છે કે ઝુહુર તે સમયે થશે જ્યારે ઇલ્મ ચાલ્યું જશે અને જહાલત સર્વ સામાન્ય થઇ જશે..... હાકિમો કાફિર થઇ જશે, રાજ્યનો દોરી સંચાર ગુનેહગારોના હાથોમાં હશે, તેઓના દોસ્ત અને મદદગાર અત્યાચારી હશે, તેઓના વિચારધારકો ફાસિક અને ખરાબ કાર્યો કરનારાઓ હશે.''*

(કમાલુદ્દીન, પાના નં. ૨૫૧)

હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે:

*''અને જુઓ હાકીમો કાફિરોની નજીક હશે અને સદ્કર્મીઓથી દૂર. સરપરસ્ત અને હાકિમો ચુકાદો આપવામાં લાંચ લેશે અને વધુની ખ્વાહીશ કરશે.''*

(મુન્તખબુલ અસર, ૪૨૯)

સહીહ મુસ્લિમમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી આ રિવાયત નકલ કરવામાં આવી છે.

*''મારી પછી એવા માર્ગદર્શકો આવશે જે મારી હિદાયત અને રસ્તા ઉપર નહિં હોય. તેઓ મારી સુન્નત ઉપર અમલ નહિં કરે, ટૂંક સમયમાં તેઓની વચ્ચે એવા લોકો પૈદા થશે જેઓના દિલ શયતાન જેવા હશે અને શરીર ઈન્સાન જેવા.''*

(સહીહ મુસ્લિમ, ૬/૨૦)

આ રિવાયતોથી અમૂક બાબતો ફલિત થાય છે.

અ. આ હાકીમો મુસલમાનોના વંશમાંથી હશે અને તેઓના જ સંતાનો હશે.

બ. ઘર અને સમાજને ગુમરાહ કરનાર શિક્ષણ અને સંસ્કારે તેઓને ગુમરાહ બનાવી દીધા.

આવા હાકીમો કે જે તે બગડેલા વાતાવરણમાં ઉછરેલ શખ્સો હશે તેઓ રાજ્યની ખુરશી ઉપર બેસશે. તો સ્પષ્ટ છે કે તેઓના ઝાલીમ વલણના લીધે તેઓની પાસેથી ઝુલ્મ અને ફસાદ સિવાય બીજી શું આશા રાખી શકાય?

આ ગુમરાહીનો ક્રમ તો હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત પછી જ શરૂ થઇ ગયો હતો. આ જ ગુમરાહીના પરિણામે બની ઉમય્યા અને બની અબ્બાસ સત્તા ઉપર આવ્યા હતા. જે ઇસ્લામે તકવા, પરહેઝગારી, ઇમાન અને નેક કાર્યો ઉપર ભાર મૂક્યો હતો અને દરેકને તેની તરફ બોલાવ્યા હતા તેના જ માનનારાઓએ રાજકર્તાઓને દરેક પ્રકારના સારા ચારિત્ર્યથી મુક્ત કરી દીધા. હવે તકવા અને પરહેઝગારી, ઇમાન અને ઇમાનદારી રાજકર્તાઓ માટે જરૂરી શર્ત તો શું પરંતુ વધારાની શર્ત પણ ન રહી. જેના સ્પષ્ટ દ્રષ્ટાંતો આજે ચારે બાજુએ જોવા મળે છે. જ્યાં સુધી આવા શખ્સો સત્તા ઉપર કબ્જો જમાવી રહેશે ત્યાં સુધી સમાજમાં ઝુલ્મ - અત્યાચાર અને ફિત્ના - ફસાદ વધતા જ જશે.

## ૮. કસોટી અને પરિક્ષા :

ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે :

*''આ હુકમ તમારા સુધી નહિ પહોંચે, પરંતુ નિરાશા પછી. નહિં, ખુદાની કસમ! ત્યાં સુધી કે તમને એક બીજાથી જુદા કરવામાં આવે નહિં, ખુદાની કસમ! ત્યાં સુધી કે તમારી કસોટી કરવામાં આવે નહિં, ખુદાની કસમ! ત્યાં સુધી કે શકી અને બદબખ્ત વધુ શકી થઇ જાય અને નેક અને ખુશબખ્ત વધુ નેક બની જાય.''*

(કમાલુદ્દીન : ૩૪૬)

એક બીજી રિવાયતમાં ફરમાવે છે.

*''તે સમયે તમારી શું હાલત હશે જ્યારે તમે માર્ગદર્શક અને ઇમામ વગરના હશો અને તમે એક બીજા સાથે નફરત વ્યક્ત કરતા હશો. તે સમયે તમારી પરિક્ષા થશે અને તમને એકબીજાથી અલગ તારવવામાં આવશે અને તમને ચાળવામાં આવશે.''*

(કમાલદ્દીન : ૩૪૮)

એહલે સુન્નતના મશહુર હદીસકાર ઇબ્ને માજાએ તેમના પુસ્તક જે 'સોનને ઇબ્ને માજા'ના નામથી પ્રખ્યાત છે તેમાં આં હઝરત (સ.અ.વ.)ની એક રિવાયત નકલ કરી છે કે તેમણે ફરમાવ્યું :

*''આવનારો સમય તમારા માટે કેવો હશે કે જે નજીકમાં જ આવશે. જ્યારે લોકોને ચાળવામાં આવશે, પસ્ત અને સામાન્ય લોકો રહી જશે. જે પોતાના વાયદા અને વચનને તોડી નાખશે, એક બીજા સાથે ઝઘડા અને મતભેદ કરશે અને આ જરૂર બનશે.''*

(સોનને ઇબ્ને માજા, ભાગ - ૨/૧૩૦૭)

હઝરત અલી (અ.સ.)એ એક રિવાયતમાં છેલ્લા જમાનાની કસોટી અને પરિક્ષા અંગે વિગતવાર વર્ણન કર્યું છે. જો આ હદીસો ઉપર વિચાર કરવામાં આવે તો એમ લાગે કે પવિત્ર ઇમામો જાણે આંખે દેખ્યો અહેવાલ વર્ણવી રહ્યા છે. રિવાયત આ પ્રમાણે છે.

*તે ખુદાની કસમ! જેની કુદરતના કબ્જામાં મારૂ જીવન છે. જે તમે પસંદ કરો છો તે નહિં બને, ત્યાં સુધી કે તમે એક બીજાના મોઢા ઉપર થૂકો નહીં અને એક બીજાને ખોટા કહો નહીં. એટલે સુધી કે તમારામાંથી (અથવા મારા શીયાઓમાંથી) માત્ર એટલા લોકો બચી જશે, જેટલા આંખોમાં સુરમો કે ખાવામાં નમક. તમારા માટે એક ઉદાહરણ આપું છું. એક માણસ પાસે અનાજ હતું. તેણે તે પાક અને સાફ કર્યું અને એક રૂમમાં રાખી દીધું. એક લાંબા સમય સુધી ત્યાં રાખી મુક્યું. તેણે થોડા દિવસો પછી જોયું તો તેમાં કીડા પડેલા હતા. તેણે અનાજ બહાર કાઢીને પાક અને સાફ કર્યું અને ફરી એજ રૂમમાં રાખી દીધું. તેણે ઘણી વખત આ રીતે કર્યું. એટલે સુધી કે માત્ર થોડું અનાજ વધ્યું. હવે તેમાં કોઇ કીડો લાગી શકે તેમ હતું નહિં. આવી જ પરિસ્થિતિ તમારી હશે. તમને એક બીજાથી જુદા પાડી દેવામાં આવશે અને તારવવામાં આવશે તમારામાંથી માત્ર એ લોકોજ બાકી રહી જશે કે જેની ઉપર કોઇ ફીત્ના કે કસોટીની અસર નહિં થાય.''*

(ગયબતે નોઅમાની, પાના નં. ૨૦૯-૨૧૦)

આ રિવાયતોથી આપણને ખ્યાલ આવે છે કે આખર જમાનાની સ્થિતિ કેવી હશે અને કેવી કડક કસોટી થશે. લોકોને ચાળવામાં આવશે. તેનો અર્થ એવો થાય કે ઘણા બધા લોકો છંટાઇ જશે, ખૂબજ થોડા લોકો બાકી રહી જશે. ''લોકોનું એક બીજાને ખોટા પાડવું અને મોઢા ઉપર થૂંકવું,''થી મુરાદ કદાચ એમ હોય કે માણસ પોતાની જાતની બંદગી કરવા લાગે છે. જ્યારે તે તેની મજબુત પકડમાં સપડાય જાય છે ત્યારે તે પોતાના અહમ ઉપર કોઇ હુમલો સહન કરી શક્તો નથી.

લાડકોડમાં ઉછરેલાનો અહમ એટલો નાજુક મિજાજ થઇ જાય છે કે માણસ તેનો જરાપણ વિરોધ સહન કરી શકતો નથી. તે દરેક રીતે પોતાને સાચો માને છે. આથી તે પોતાની વિરુદ્ધના વિરોધને ખોટો ઠરાવે છે અને પોતાની જાત ઉપર હુમલો ગણે છે. તેથી તે વળતો હુમલો કરવો જરૂરી સમજે છે. તે ખામોશી અથવા બીજા શબ્દોમાં કહીએ તો ધીરજ અને સહનશીલતાને કાયરતા માને છે. તેથી તે વળતા હુમલામાં સામેવાળાને ખોટો ગણાવે છે.

મોઢા ઉપર થૂંકવું તે હીકકતમાં થૂંકવાના અર્થમાં પણ હોય શકે છે અને દિલની વરાળ કાઢવી. દરેકના દિલમાં બીજા માટે જે તિરસ્કારની લાગણી હોય છે તેને જીભથી દર્શાવવી અને નાની એવી વાત ઉપર કલાકો સુધી બુરાઇ કરવી વિગેરે પણ મોઢા ઉપર થૂંકવાથી મુરાદ છે.

દેખીતું છે કે આવા વાતાવરણમાં પોતાની જાત ઉપર

કાબુ રાખવો, દીનના રસ્તા ઉપરથી ફરી ન જવું, એહલેબયત (અ.સ.)ની તાલીમ ઉપર અમલ કરવો, ધીરજ ધરવી, દિલને શયતાનને અનુસરવાથી પાક રાખવું, ત્યાર પછી દિલમાં તે લોકો માટે મોહબ્બત રાખવી, તેઓના માટે દોઆ અને ઇસ્તેગફાર કરવો વિગેરે સહેલા કામ નથી. હકીકતમાં તો તે હથેળીમાં સળગતા અંગારા રાખવા સમાન અને કાંટાળી ડાળીને પકડી લેવા બરાબર છે.

આ બધું શું કામ થશે?

આ કડક પરિક્ષા એટલા માટે થશે કે ઇમામે ઝમાના (અ.સ.) વડે જે વિશ્વ હુકુમત સ્થાપિત થશે તે એવી અજોડ હુકુમત હશે, જે દુનિયાની શરૂઆતથી આજ સુધી ક્યારેય સ્થાપવામાં આવી નહિં હોય. આવી અદ્‌ભુત અને અજોડ વિશ્વ હુકુમત માટે તેવાજ સાથીદારો અને મદદગારોની જરૂરત છે. કારણ કે આ બધા કામો ચમત્કાર કે મોઅજીઝાથી નહિં થાય. તેથી દુનિયાની હુકુમત માટેની વ્યક્તિઓની કેળવણી માટે આવી સખત પરીક્ષા અને કસોટીની જરૂર છે. કુરઆને કરીમમાં અસંખ્ય જગ્યાએ પરીક્ષા અને કસોટીનો ઉલ્લેખ છે. સુરએ આલે ઇમરાનની આયત નં. ૧૭૯માં છે કે :

مَا كَانَ اللّٰهُ لِيَذَرَ الْمُؤْمِنِينَ عَلٰى مَآ اَنْتُمْ عَلَيْهِ حَتّٰى يَمِيزَ الْخَبِيْثَ مِنَ الطَّيِّبِ۔

''(હે મુનાફીકો!) અલ્લાહ એવો નથી કે જે સ્થિતિમાં તમે છો તેજ સ્થિતિમાં મોઅમીનોને (તમારી સાથે એકઠા મળી) રહેવા દે, અહીં સુધી કે તે નાપાકને પાકથી જુદા પાડી ન નાખે.''

આજ સુરાની આયત નં. ૧૪૧-૧૪૨માં છે.

وَلِيُمَحِّصَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَ يَمْحَقَ الْكٰفِرِيْنَ۔ اَمْ حَسِبْتُمْ اَنْ تَدْخُلُوا الْجَنَّةَ وَ لَمَّا يَعْلَمِ اللّٰهُ الَّذِيْنَ جٰهَدُوْا مِنْكُمْ وَ يَعْلَمَ الصّٰبِرِيْنَ۔

*''અને એ માટે કે અલ્લાહ ઇમાન લાવનારાઓની કસોટી કરે અને કાફીરોને નાબુદ કરે (હે મુસલમાનો!) શું તમોએ એમ ધારી લીધું છે કે તમે જન્નતમાં એમ જ ચાલ્યા જશો? જ્યારે કે હજુ સુધી અલ્લાહે (તમારી કસોટી કરીને) જોઇ નથી લીધું કે તમારામાંથી જેહાદ કરવાવાળા કેટલા છે અને વળી તમારામાંથી ધૈર્યવાન કેટલા છે.''*

આ વાત ધ્યાનમાં રહે કે આ પ્રકારની પરીક્ષાનો અર્થ એમ નથી કે ખુદા જોવા માગે છે કે કોણ કેવો છે. એવું હરગિઝ નથી. બલ્કે આ કસોટીની અસર એ થાય છે કે લોકોમાં જે ખૂબીઓ છુપાએલી છે તે ઉભરાઇને બહાર નિકળે, સાચા ખોટા એક બીજાથી જુદા પડી જાય, સંજોગોની ભઠ્ઠીમાં શેકાઇ શેકાઇને આપણે પુખ્ત અને નિર્મળ બની જઇએ. નહિં તો ખુદા તો દરેકની પરિસ્થિતિને જાણે જ છે.

### આપણી જવાબદારીઓ :

અઇમ્મએ માઅસુમીન (અ.સ.)એ આ રિવાયતો થકી આવનારા જમાનાનું સ્પષ્ટ ચિત્ર રજુ કરી દીધું છે. પરંતુ શું આ બધી રિવાયતોને ફક્ત જાણી લેવાથી આપણી જવાબદારીઓ પૂર્ણ થઇ જાય છે? નહિં, બલ્કે આપણી જવાબદારીઓમાં વધારો થઇ જાય છે. આ સંજોગોમાં આપણી જવાબદારીઓ કંઇક આ મુજબ છે.

### ૧. સુધારણા :

સમાજની આ પરિસ્થિતિ આપણા કાર્યોનુંજ પરિણામ છે. કુરઆને કરીમમા છે :

*''જમીન અને આસમાનના ફસાદ માનવીના આમાલનું પરિણામ છે.''*

(સુરએ રૂમ : ૪૧)

આ ઉપરાંત કુરઆને કરીમમાં આ પણ છે.

*''ખુદાવન્દે આલમ તે કોમની હાલત તે સમય સુધી નથી બદલતો જ્યાં સુધી તે ખુદ પોતાની હાલત ન બદલે.''*

(સુરએ રઅદ : ૧૧)

જ્યારે વર્તમાન પરિસ્થિતિ આપણી અખ્લાકી અને

અમલી કમીને લીધે છે તો પછી તેની સુધારણા ત્યારેજ શક્ય છે જ્યારે પરિવર્તન લાવવા માટે અડગ પગલાં ભરવામાં આવે અને દરેક વ્યક્તિ પોતાની સુધારણા તરફ ધ્યાન કેન્દ્રીત કરે.

**ઈમામની બારગાહમાં હાજરી :**

*જ્યારે માણસ બિમાર પડી જાય છે ત્યારે તેને સ્વસ્થ બનાવવા માટે ડોક્ટર પાસે નિદાન કરાવવા જવું પડે છે. તેવીજ રીતે જો આપણી દીની, અમલી અને અખ્લાકી સ્થિતિ ખરાબ થઇ ગઇ છે તો પાક હસ્તીઓની બારગાહમાં હાજર થવું જરૂરી છે. જેઓને ખુદાવન્દે આલમે નફસની પાકીઝગી માટે નિમ્યા છે. સ્પષ્ટ વાત એ છે કે ડોક્ટર પાસે આપણે પોતે જવું પડે છે અને પોતાની જાતને તેની સામે રજુ કરવી પડે છે. તેની સલાહને ધ્યાનથી સાંભળીને તેની ઉપર અમલ કરવો પડે છે અને આપણા તરફથી કોઇ મત રજુ કરવાનો હોતો નથી. અગર આપણે આપણા નફસ, અમલ અને ચારિત્ર્યની સુધારણા ચાહતા હોઇએ તો આપણે આપણા ઈમામ (અ.સ.)ની પવિત્ર બારગાહમાં હાજર થવું જોઇએ. કાકલુદી અને રોકકળ કરવી જોઇએ તથા નિખાલસ દિલથી નફસની સુધારણા માટે આજીજી કરવી જોઇએ. ખુદાવન્દે આલમે તેઓને એવી શક્તિ અર્પણ કરી છે કે તેઓની એક* ملكوتى *નજર આપણામાં પરિવર્તન લાવી શકે છે. જે રીતે રસુલે ખુદા (સ.અ.વ.)એ મુશ્રિકોના દિમાગ અને દિલને પલ્ટાવીને તેમને ઈસ્લામની તંદુરસ્ત જીંદગી તરફ દોર્યા, અને જેવી રીતે ઈમામ હુસૈન (અ.સ.) જનાબે ઝોહૈરમાં અને જનાબે હુરમાં ક્રાન્તિ લાવ્યા. ઈમામે ઝમાના (અ.સ.) ગયબતના પર્દામાં જરુર છે પરંતુ આપણાથી હરગીઝ ગાફીલ નથી. આપણા દરેક અમલ ઉપર તેમની નજર છે. તેમની એક તૌકીઅમાં તેઓ ફરમાવે છે: ''જો કે અમે હાલમાં જાલીમોની વસ્તીથી દૂર જીવન પસાર કરી રહ્યા છીએ. ખુદાએ તેમાં જ અમારા માટે અને અમારા શિયાઓ માટે પોતાની મસ્લેહત ગણાવી છે, જ્યાં સુધી કે હુકુમત જાલીમોના હાથમાં રહે.''*

**فَاِنَّا نُحِيطُ عِلُمًا بِاُ نَبائِكُم**

**ولا يغربُ عَنّاشَئٌ مِنُ اخبارِكم۔**

*''પરંતુ અમારા ઈલ્મે તમારી બધી માહિતીઓને ઘેરી લીધેલ છે તમારી કોઇ વાત અમારાથી છુપાએલી નથી.''*

જ્યારે વાત આમ છે તો પછી આપણી જવાબદારી એ છે કે આપણે આપણા ઇમામ (અ.સ.)ની પવિત્ર બારગાહમાં આપણા પુરા વજુદ સાથે હાજર થઇએ અને તેમની પાસે આપણી સુધારણા માગીએ. આ હાજરી માટે ક્યાંય પણ જવાની જરુરત નથી. માત્ર શુદ્ધ દિલથી પોતાના ગુનાહોથી તૌબા અને ઇમામ (અ.સ.)થી તવસ્સુલ અને ઇસ્તેગાસા કરીએ. આ તવસ્સુલ અને ઇસ્તેગાસાને વધુ અસરકારક બનાવવા માટે સય્યદુશ્શોહદા હઝરત ઇમામ હુસૈન (અ.સ.)ના મસાએબનો ઝિક્ર અને તેમનો વાસ્તો આપીએ. કારણકે ન તો આપણે અને ન તો આપણા અમલ અને અખ્લાક એ લાયક છે કે ઇમામે ઝમાના (અ.સ.)ની ખિદમતમાં રજુ થઇ શકે. સય્યદુશ્શોહદાનો ગમ સૌથી ઉત્તમ વસીલો છે. ઇમામે ઝમાના (અ.સ.) ખુદ ફરમાવે છે.

*''હું તે મોઅમીન માટે દોઆ કરૂં છું જે મારા શહીદ જદ્દના મસાએબનું વર્ણન કરે છે અને મારા ઝુહુર અને મદદ માટે દોઆ કરે છે.''*

(મીક્યાલુલ મકારિમ, ભાગ - ૨, પાના નં. ૩૬)

## ૨. ધીરજ

આ સંજોગોમાં એક મહત્ત્વની જવાબદારી ધીરજ છે. ધીરજના અમૂક પ્રકારો છે.

પરંતુ સૌથી પહેલા એ સ્પષ્ટ થઇ જાય કે ધીરજનો અર્થ એમ નથી કે આપણે હાથ ઉપર હાથ રાખી, ચૂપચાપ બેસીને પરિસ્થિતિઓનો અભ્યાસ કરતા રહીએ અને રાહ જોતા રહીએ. પરંતુ 'સબ્ર' મક્કમ રીતે અડગ રહેવાનું નામ છે. જો તમે ધીરજ ધરશો તો એકસોની શક્તિ બસો જેટલી થઇ જશે.

આનો અર્થ એમ થાય કે ધીરજ એક એવી ચીજ છે કે જે એક વ્યક્તિને તેની તાકતથી બમણો શક્તિશાળી બનાવી દે છે.

**(૧) દુશ્મનોના ઝુલ્મો ઉપર સબ્ર :**

વર્તમાન યુગમાં દરેક તરફ ઝુલ્મ અને અત્યાચારનું બજાર ગરમ છે. રાજ્ય સત્તાઓ નવા નવા ઝુલ્મો શોધી રહી છે. આવામાં એ મોઅમીનો માટે ખુશખબરી છે કે જેઓએ સબ્ર કરી અને અડગતાથી પોતાના દીનિ મુલ્યોનું રક્ષણ કરી રહ્યા છે. જેમ કે ઇમામે સાદિક (અ.સ.) ફરમાવે છે :

*''શું તમે નથી જાણતા જે અમારા અમ્રનો ઇન્તેઝાર કરી રહ્યા છે અને જે તકલીફો અને ભયનો તેઓ સામનો કરી રહ્યા છે તેની ઉપર ધીરજ ધરી રહ્યા છે તે કાલે (કયામતમાં) અમારા સમૂહમાં હશે!!!''*

(બેહાર, ૫૨/૨૫૬, હ. ૧૪૭)

**(૨) મુશ્કેલીઓ અને આફતો ઉપર ધીરજ**

જ્યારે ઘરના રક્ષક દૂર ચાલ્યા જાય છે ત્યારે મુશ્કેલીઓ આવી પડે છે. કારણકે દુશ્મનો ભૂગર્ભમાંથી બહાર આવી જાય છે. હાલમાં ઇમામે ઝમાના (અ.સ.) ગયબતના પરદામાં છે અને જાહેરી રીતે લોકોની નજરોની સામે નથી. આથી મોઅમીનો ઉપર અનેક પ્રકારની બલાઓ અને આફતો આવી પડે છે.

અબુ સલાહે કનાનીએ હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.)ની ખિદમતમાં અરજ કરી :

અય અબા અબ્દીલ્લાહ! (આ ઇમામ સાદિક (અ.સ.)ની કુન્નીયત છે) હું આ વૃદ્ધાવસ્થામાં મારા સંતાનો અને મારા ભાઇઓ મને જે ઇજાઓ પહોંચાડે છે તેની ફરિયાદ કરૂં છું. (આ શબ્દો અબુ સેલાહના છે પરંતુ આજે દરેકના દિલમાંથી આજ અવાજ નિકળે છે)

ઇમામ (અ.સ.)એ ફરમાવ્યું : અય અબુ સેલાહ!

*''ખરેખર હકની એક હુકુમત છે અને બાતિલની પણ એક હુકુમત છે. દરેક હુકુમતમાં બીજી હુકુમતના લોકો અપમાનિત હોય છે. બાતિલ હુકુમતમાં મોઅમીનોને જે ઓછામાં ઓછી વસ્તુ મળશે તે પોતાના સંતાનો તરફથી ઝુલ્મ અને ભાઇઓ તરફની ઇજા હશે. અગર મોઅમીનને બાતિલ હુકુમતમાં કોઇપણ આરામ અને શાંતિ મળે તો તેની સાથે તેને કોઇ ને કોઇ મુસીબત જરુર નસીબ થશે. ચાહે તે તેના શરીરમાં હોય, માલમાં હોય અથવા અવલાદમાં. ત્યાં સુધી કે ખુદા બાતિલ હુકુમતમાં મળનારી દરેક રાહતની ગંદકીથી મોમીનને સ્વચ્છ ન કરી દે. જેથી હકની હુકુમતમાં તેને સંપૂર્ણ હિસ્સો મળી શકે. તેથી ધીરજ ધરો અને ખુશ રહો.''*

(કાફી, ૨/૪૨૧, હદીસ. ૧૨)

આ હદીસથી એ જાણવા મળે છે કે મોઅમીનોને માત્ર કાફીરો અને ઝાલીમો એટલે કે ફક્ત પરાયા લોકોથી જ ઇજાઓ નહિં પહોંચે પરંતુ પોતાના લોકો તરફથી પણ બલાઓ અને ઇજાઓ પહોંચશે.

આ વાત અમે વારંવાર અર્ઝ કરી છે કે દીને હક ઉપર અડગ રહેવું, એહલેબયત (અ.સ.)ની તાલીમ ઉપર અમલ કરવો અને ખુદાની ખુશી ખાતર આપણી દીનિ ફરજો પૂરી કરવી, લોકો ઇજા પહોંચાડે યા મલામત કરે એ છતાં દીનની વિરુદ્ધ કોઇ કામ ન કરવું. તે ધીરજ અને સબ્રનું સૌથી ઉંચું સ્થાન છે. અહિં અમલ કરવા માટેનું શ્રેષ્ઠ ઉદાહરણ અને સુંદર નમૂનો ખુદ આપણા ઇમામે ઝમાના હઝરત હુજ્જત ઇબ્નિલ હસનિલ અસ્કરી (અ.સ.)ની પવિત્ર જાત છે. જે રીતે તેમનો હક આંચકી લેવામાં આવ્યો, જે રીતે તેમને ગયબતમાં જવું પડ્યું, તેમના ઉપરના થતાં વિરોધો, તેમના શીયાઓ ઉપર થતાં અત્યાચારો, શહેરથી દૂરનું જીવન, ગયબતનું લાંબુ જીવન.... આ બધું આપના ઉપર કેટલું દુઃખદ છે તેનો અંદાજ માનવીની અક્કલમાં આવી શકે તેમ નથી.

આથી આપણે આપણા ઇમામે ઝમાના (અ.સ.)ની પવિત્ર બારગાહમાં કરબલાના શહીદોના વાસ્તાથી કરગરીને, ધીરજ અને સબ્ર તથા દીને હક ઉપર અડગ રહેવાની અરજ નિર્મળ દિલે કરવી જોઇએ. આ એક માત્ર દરવાજો છે જે આપણી વર્તમાન પરિસ્થિતિની વિનાશક બાબતોથી આપણું રક્ષણ કરી શકે છે.

اَللّٰهُمَّ عَجِّلْ فِىْ فَرَجِ مَوْلَانَا صَاحِبِ الزَّمَانِ

● ● ● ● ●

# વિલાયતના નિગેહબાન શયખ સદુક (રહ.) અને ઈમામ મહદી (અ.સ.)નો ઈન્કાર કરનારાઓ

વિલાયતની સરહદોનું રક્ષણ અને સારસંભાળ રાખનાર, શીયાઓના અલમબરદાર, ઇમામીયા મઝહબના જુદા તરી આવતા આલિમ, ઇસ્નાઅશરી ફીરકાના સરદારોના સરદાર, દીન અને હકના મિનારા, તીવ્ર બુદ્ધિશાળી શયખે અઅઝમ, અબુ જઅફર મોહમ્મદ બિન અલી બિન અલ હસન બિન બાબવયા કુમ્મી જે શયખ સદુકના નામે જાણીતા છે, ચોથી સદી હિજરીમાં તેમણે શીયા મઝહબના રક્ષણ માટે એવા મહાન કાર્યો કર્યા જે કયામત સુધી ઇમામતની દિફા માટે બખ્તર અને ઢાલનું કામ કરશે.

'અલ મુન્તઝર'ના જુદા જુદા અંકોમાં આપના વ્યક્તિત્વ અને લખાણોનો ભરપુર ઝિક્ર થતો રહ્યો છે. આ અંકમાં આપનીજ કૃતિ 'કમાલુદ્દીન વ તમામુન્નેઅમત'ની પ્રસ્તાવનામાંથી એક મુનાઝરા (વાર્તાલાપ)ના પ્રસંગને રજુ કરી રહ્યા છીએ. રૂકનુદ્દૌલાના દરબારમાં એક મુલ્હીદે મરહુમ શયખ સદુક (રહ.) સાથે ઇમામતની સામે પોતાના વાંધાઓ રજુ કર્યા હતા અને આપે આ બેઠકમાં તેના જવાબો આપ્યા હતા. આ ચર્ચાને મુનાઝરા (સવાલ જવાબ)ના સ્વરૂપે રજુ કરી રહ્યા છીએ.

**મુલ્હીદ :** તમારા ઇમામ ઉપર વાજીબ છે કે તેઓ નીકળે અને પરદામાંથી બહાર આવે. કારણ કે રોમના લોકો ટૂંક સમયમાં મુસલમાનો ઉપર વર્ચસ્વ જમાવી લેશે.

**શયખ સદુક (રહ.) :** અમારા નબી (સ.અ.વ.)ના જમાનામાં કાફીરોની સંખ્યા આજની સરખામણીમાં ઘણી વધારે હતી અને તે સમયે આં હઝરત (સ.અ.વ.)એ અલ્લાહના હુકમથી પોતાની નબુવ્વતને ચાલીસ વરસ સુધી છુપાવી રાખી. ત્યાર પછી ફક્ત તે લોકોને પોતાની નબુવ્વતની જાણ કરી જેઓની ઉપર તેમને વિશ્વાસ અને ભરોસો હતો. તે પછી ત્રણ વરસ સુધી જે લોકો ઉપર ભરોસો ન હતો તેમનાથી છુપાવી રાખી હતી. પછી સમય એ આવ્યો કે કુરૈશના કાફીરોએ એક બીજા સાથે કરાર કર્યો કે તેઓ આં હઝરત (સ.અ.વ.), બની હાશિમ અને આપને મદદ કરનારા સૌનો બહિષ્કાર કરશે. તેથી આપ (સ.અ.વ.) શેઅબે અબી તાલિબમાં ચાલ્યા ગયા. તેઓ ત્રણ વરસ સુધી ત્યાં રહ્યા.

માટે સાંભળો! જો કોઇ તે સમય દરમ્યાન એમ કહેત કે શા માટે મોહમ્મદ (સ.અ.વ.) ખુરુજ નથી કરતા. જ્યારે કે મુશરિકોએ મુસલમાનો ઉપર કાબુ મેળવ્યો હતો તો તે સંજોગોમાં તેઓ માટે અમારો જવાબ આ સિવાય બીજો કાંઇ ન હોત કે જ્યારે આં હઝરત (સ.અ.વ.) શેઅબે અબી તાલિબમાં ગયા ત્યારે અલ્લાહના હુકમથી ગયા અને તેની જ પરવાનગીથી ગાએબ રહ્યા. અને જ્યારે અલ્લાહે તેમને ખુરુજ અને ઝુહુર કરવાનો હુકમ કર્યો ત્યારે આપ (સ.અ.વ.) બહાર નીકળ્યા અને જાહેર થયા. હકીકત એ છે કે અલ્લાહે શેઅબે અબી તાલિબમાં જ આપની ઉપર વહી મોકલી કે જે કરારનામુ કુરૈશના કાફિરોએ બાયકોટ કરવા અને સંબંધો તોડી નાખવા માટે લખ્યું હતું અને જેની ઉપર ચાલીસ મહોરો લગાડેલી હતી અને જે ઝમ્આ બિન અસ્વદની પાસે સાચવવા માટે રાખવામાં આવ્યું હતું તેને ઉધઇ ખાય ગઇ છે પરંતુ અલ્લાહ અઝ્ઝ વ જલ્લના નામ જ્યાં જ્યાં લખાએલા હતા તે સલામત છે.

પયગમ્બરે અકરમ (સ.અ.વ.)એ તેની જાણ પોતાના કાકા હઝરત અબુ તાલિબ (અ.સ.)ને કરી. જનાબે અબી તાલિબ (અ.સ.) શેઅબે અબી તાલિબમાંથી નીકળીને મક્કાએ મોકર્રમા આવ્યા. જ્યારે કુરૈશે તેમને જોયા ત્યારે તેઓ એવું સમજ્યા કે તેઓ એટલા માટે આવ્યા છે કે તે નબી (સ.અ.વ.)ને તેઓના હવાલે કરી દે. જેથી તે લોકો આં હઝરત (સ.અ.વ.)ને કતલ કરી નાખે અથવા નબુવ્વતના દાવાને છોડી દે.

એમ માનીને તે લોકોએ અબુ તાલિબ (અ.સ.)નું સ્વાગત કર્યું અને ખૂબ માનપૂર્વક તેમને બેસાડ્યા.

પછી આપ (અ.સ.)એ તેઓને કહ્યું : ''એ કુરૈશની જમાત! મેં ક્યારેય પણ મારા ભત્રીજાને ખોટું બોલતા નથી સાંભળ્યા. તેણે જ મને જાણ કરી છે કે તેના પરવરદિગારે

તેના ઉપર વહી નાઝિલ કરી છે કે તેણે ઉધઇને મોકલી છે જેથી તે તમામ વાતો જે કત્એ રહમીને લગતી છે તે ખાઇ જાય અને અલ્લાહના નામોને છોડી દે. અય કુરૈશ! ઉધઇ અલ્લાહ અઝ્ઝ વ જલ્લના નામ સિવાય બધું ખાઇ ગઇ છે. કુરૈશે જ્યારે કરારનામુ ખોલીને જોયું ત્યારે આપ (અ.સ.)એ કહ્યું હતું એવું જ જોયું. તે સમયે કુરૈશમાંથી અમૂક લોકો મુસલમાન બની ગયા અને થોડાં પોતાના કુફ્ર ઉપર બાકી રહ્યા. ત્યાર પછી પયગમ્બરે ખુદા (સ.અ.વ.) બની હાશિમની સાથે મક્કા પાછા ફર્યા.''

બસ આજ પરિસ્થિતિ ઇમામે ગાએબ (અ.સ.)ની પણ છે કે જ્યારે અલ્લાહ તઆલા આપને પરવાનગી આપશે ત્યારે આપ પરદામાંથી જાહેર થશે.

**મુલ્હીદ :** આપના કહેવા મુજબ અલ્લાહ તઆલા, ઇમામ (અ.સ.)થી પણ વધુ કાફિરો ઉપર નિયંત્રણ અને શક્તિ ધરાવે છે. તો પછી તે પોતાના દુશ્મનોને શા માટે મોહતલ આપે છે અને શા માટે તેમને નિસ્તો નાબુદ નથી કરતો, જ્યારે કે તેઓ તેના અસ્તિત્વનો ઇન્કાર કરે છે અને તેનો શરીક બનાવે છે.''

**શયખ સદુક (રહ.) :** અલ્લાહ સજા દેવામાં ઉતાવળ નથી કરતો કારણકે અલ્લાહ તઆલને એ ડર નથી કે લોકો તેની કુદરતના કબ્જામાંથી નીકળી જશે. અલ્લાહ જે કાંઇ કરે છે તેના વિષે તેનાથી સવાલ નથી કરી શકાતો, જ્યારે કે લોકોને તેઓના આમાલ વિષે જરૂર પૂછવામાં આવશે.

**لَا يُسْئَلُ عَمَّا يَفْعَلُ وَهُمْ يُسْئَلُوْنَ۔**

*''જે કાંઇપણ તે (અલ્લાહ) કરે છે તેના વિષે તેનાથી સવાલ નથી કરી શકાતો જ્યારે કે તેઓને (લોકોને) જરૂર પુછવામાં આવશે.''*

(સુરએ અમ્બીયા : ૨૩)

અને અલ્લાહને શા માટે અને કેવી રીતે એવા સવાલ નથી કરી શકતા. તેવી જ રીતે ઇમામ (અ.સ.)ને જાહેર કરવાના બારામાં અલ્લાહની સામે કોઇ વાંધો નથી ઉઠાવી શકતું. તેણે આ હઝરત (અ.સ.)ને ગયબતમાં રાખ્યા છે અને જ્યારે તે ચાહશે ત્યારે પરવાનગી આપશે ત્યારે આપ (અ.સ.) જાહેર થઇ જશે.

**મુલ્હીદ :** હું તે ઇમામ ઉપર ઇમાન નથી ધરાવતો જેને હું જોઇ ન શકું અને જ્યાં સુધી હું તેમને જોઇ ન લઉં ત્યાં સુધી તેમને માનવું મારા માટે જરુરી નથી.

**શયખ સદુક (રહ.) :** તો પછી તમારે એ પણ કહેવું જોઇએ કે અલ્લાહની હુજ્જત પણ તમારા માટે પુરી નથી કારણકે તમે તેને જોઇ રહ્યા નથી. તેવી જ રીતે તમારી ઉપર રસુલ (સ.અ.વ.)ની હુજ્જત પણ જરૂરી નથી કારણકે તમે તેમને પણ જોયા નથી.

**મુલ્હીદ :** (રૂકનુદ્દૌલાને સંબોધીને) અય અમીર! જુઓ આ શયખ શું કહી રહ્યા છે. એ કહે છે કે ઇમામ ગાએબ થયા અને જોઇ શકાતા નથી કારણકે અલ્લાહને પણ જોઇ શકાતો નથી.

**રૂકનુદ્દૌલા :** તમે તેમની વાતને ખોટી રીતે રજુ કરી છે. તેમની ઉપર આક્ષેપ લગાડ્યો છે. આ જ તમારી હારની નિશાની છે તથા લાચારી અને નબળાઇનો સ્વિકાર છે.

અને આવી જ રીત અમારી સાથે મુનાઝરો કરનાર દરેક જણની છે. જે અમારી સાથે ઇમામ ઝમાના (અ.સ.)ના બારામાં વાદવિવાદ કરે છે અને તેમના અસ્તિત્વનો ઇન્કાર કરે છે. તેઓ જે કાંઇ કહે છે તે બકવાસ, વસવસાઓ, બેહુદી અને અંધશ્રદ્ધા ભરી વાતો સિવાય બીજું કાંઇ નથી હોતું.

(કમાલુદ્દીન - શયખ સદુક : મુકદ્દમા મુસન્નીફ, પાના નં. ૮૭-૮૮, ફારસી તરજુમો, ભાગ - ૧, પાના નં. ૧૭૯-૧૮૦, ઉર્દુ તરજુમો, ભાગ - ૧, પાના નં. ૧૧૦-૧૧૧)

**નોંધ :** આ મુનાઝરો (સવાલ - જવાબ) એક મુલ્હીદ સાથે થયો હતો. સામાન્ય રીતે મુલ્હીદનો અર્થ નાસ્તિક લેવામાં આવે છે માટે શયખ સદુક (રહ.)ની એ દલીલો જેમાં આપે અલ્લાહના ગાએબ હોવાથી ઇમામ (અ.સ.)ના ગાએબ હોવાની દલીલો કરી છે અને મુલ્હીદે આ દલીલોનો ગેરલાભ ઉઠાવીને શયખ સદુક (રહ.) ઉપર આક્ષેપ મૂકવાની કોશીશ કરી છે. તેના ઉપરથી એમ જણાય છે કે તે અલ્લાહ ઉપર અમૂક અંશે ઇમાન ધરાવતો હતો.

આ અનુસંધાનમાં વાંચકોની જાણ ખાતર લખી રહ્યા છીએ કે મુલ્હીદનો અર્થ નાસ્તિક સિવાય કાફીર, દીનથી ફરી જનારો, દીનમાં શંકા કરનાર અને દીનની વાતોને મારી મચડીને રજુ કરનારને પણ મુલ્હીદ કહેવાય છે. તેથી મુલ્હીદનો અર્થ માત્ર નાસ્તિક નથી તેથી આવી વ્યક્તિઓથી દૂર રહેવું જોઇએ જે કાફીર છે અથવા મુલ્હીદ છે અથવા બન્ને રીતે ગુમરાહ છે.

● ● ● ● ●